Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2019-20,posted at rajkot-RMS
published & posting dt.-daily (evening) VALID UP TO 31-12-2020

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

CELEBRATING 5 YEARS ANNIVERSARY

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:12 Dt.26-10-2020 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

દેશના તમામ લોકોને વેક્સિન ફ્રીમાં મળશે



(એજન્સી સમાચાર)

ભુવનેશ્વર,તા.૨૬

ભાજપે બિહાર ચૂંટણીમાં પોતાના મેનિફેસ્ટોમાં કહ્યું હતું કે ચૂંટણી જીત્યા તો રાજ્યના તમામ લોકોને કોરોના વેક્સિન ફ્રીમાં આપવામાં આવશે. વિપક્ષ આની પર હોબાળો કરી રહ્યો છે. તેમનું કહેવું છે કે ચૂંટણીવાળા રાજ્યમાં ફ્રી વેક્સિનનો વાયદો બાકીનાં રાજ્યો સાથે ભેદભાવ કરે છે. આ બધાની વચ્ચે કેન્દ્રીય મંત્રી પ્રતાપ સારંગીએ દાવો કર્યો કે દેશના તમામ લોકોને વેક્સિન ફ્રીમાં આપવામાં આવશે.

જોકે સારંગીએ પણ આ દાવો એક ચૂંટણી મીટિંગ પછી જ કર્યો છે. ઓડિશાના બાલાસોરમાં ૩ નવેમ્બરે પેટાચૂંટણી છે. સારંગી રવિવારે આ જ સિલસિલામાં મીટિંગ કરવા માટે ત્યાં ગયા હતા. તેમણે મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના તમામ લોકોને વેક્સિન ફ્રી ઉપલબ્ધ કરાવવાની

જાહેરાત કરી ચૂક્યા છે. દરેક માણસના વેક્સિનેશન પર લગભગ ૫૦૦ રૂપિયા ખર્ચ થશે. ઓડિશાના ફૂડ સપ્લાઈ એન્ડ કન્ઝ્યુમર વેલફેર મંત્રી આરપી સ્વૈનના સવાલના જવાબમાં સારંગીએ દેશભરમાં ફ્રી વેક્સિનની વાત કહી હતી. સ્વૈને કેન્દ્રમાં ઓડિશાના બન્ને મંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન અને પ્રતાપ સારંગી પાસે એ વાત અંગે સ્પષ્ટતા માગી હતી કે બિહારમાં ફ્રી વેક્સિનના વાયદા પછી ઓડિશા અંગે

ભાજપનું શું સ્ટેન્ડ છે? તામિલનાડુ, મધ્યપ્રદેશ, આસામ અને પુડુચેરી પહેલાં જ કહી ચૂક્યાં છે કે તે પોતાના લોકોને વેક્સિન ફ્રીમાં આપશે. તો આ તરફ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આખા દેશ માટે ફ્રી વેક્સિનની માગ કરી ચૂક્યા છે.(૪)

વેક્સિનેશન પર લગભગ ૫૦૦ રૂપિયા ખર્ચ થશે જે સરકાર ભોગવશે

મુખ્યમંત્રીએ શસ્ત્રપૂજન કર્યું

આધુનિક સમયમાં ટેકનોલોજીના ઉપયોગ અને અસ્ત્ર–શસ્ત્ર થી સજ્જ બની આગામી પડકારોને ઝીલવા આપણે સક્ષમ બન્યા છીએઃ રૂપાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય–રાજકોટ) ગાંધીનગર: રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ વિજયા દશમીના પાવન પર્વે મુખ્યમંત્રીના સુરક્ષા સલામતિ કર્મીઓ સાથે તેમના શસ્ત્રોનું પરંપરાગત પૂજન કર્યું હતું. રાજ્યના સલામતી દળો, આપણી પોલીસ અને આપણા સુરક્ષાકર્મીઓ આજના દિવસે શસ્ત્ર પૂજન દ્વારા વિજયની જીજીવિષા સાથે આવનારા પડકારો ઝીલીને આગળ વધે તેવા સંકલ્પની મુખ્યમંત્રીએ પ્રેરણા આપી હતી. તેમણે શસ્ત્રપૂજન કાર્યક્રમના આયોજન માટે મુખ્યમંત્રી સુરક્ષા દળને અભિનંદન પાઠવ્યા હતા.(૪)

યસ બેંક દેશભરમાં ૫૦ શાખાઓ બંધ કરશે

YES BANK

(એજન્સી સમાચાર)

મુંબઇ, તા.૨૬: યસ બેંક પોતાની ૫૦ બ્રાન્ચ બંધ કરવા જઈ રહ્યુ છે. હકીકતમાં નવી પોલીસી અંતર્ગત ખાનગી ક્ષેત્રમાં યસ બેંક ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં સંચાલન ખર્ચમાં પણ ૨૦ ટકાનો કાપ મુકવા જઈ રહ્યા છે.

યસ બેંકના નવા સીઈઓ અને ડાયરેકટર પ્રશાંત કુમારે કહ્યુ હતું કે, બેંકને પાટા પર લાવવા માટે બિનજરૂરી

ખર્ચ ઘટાડવા સંચાલન ખર્ચમાં પણ ૨૦ ટકાનો કાપ મુકાશે

સ્થળોને પાછા લેવામાં આવી રહ્યા છે. સાથે જ ભાડે પર રાખેલી જગ્યાઓ પર નવા ભાડા સાથે નવી રીતે વાતચીત કરવામાં આવી રહી છે.

કુમારે કહ્યુ હતું કે, મોટા ડિફોલ્ટરો કોર્ટના શરણે જઈ રહ્યા છે. જેના કારણે મુંબઈની આ બેંકને ઋણ વસૂલવામાં મુશ્કેલીઓ આવી રહી છે. યસ બેંકના સહ સંસ્થાપક તથા કાર્યકારી રાણા કપૂરના કાર્યકાળમાં કામકાજમાં અને સંચાલનમાં કેટલીય ખામીઓ સામે આવ્યા બાદ ભારતીય સ્ટેટ બેંકની આગેવાનીમાં જોડાણ કરી બેંકમાં રકમ જમા કરાવીને

(અનુ.પાના નં.૫ ઉપર)

કોરોનાએ ફરી ઉથલો માર્યો સ્પેનમાં રાષ્ટ્રવ્યાપી કટોકટી જાહેર

અચાનક જ કોરોનાના કેસમાં વધારો

(એજન્સી સમાચાર)

લંડન,તા. ૨૬: યુરોપમાં કોરોના મહામારીએ ઊથલો માર્યો છેલ્લા કેટલાક દિવસોમાં અચાનક જ કોરોનાના દૈનિક કેસોમાં વિક્રમજનક વધારો નોંધાઈ રહ્યો છે. પરિણામે સ્પેનની સરકારે રવિવારે રાષ્ટ્રવ્યાપી કટોકટી જાહેર કરી દીધી છે, જેમાં રાત્રિ કરફ્યુનો પણ સમાવેશ થાય છે. વધુમાં સરકારે આશા વ્યક્ત કરી છે કે આગામી સમયમાં કોરોના સામે દેશની હોસ્પિટલોનું નેટવર્ક પડી નહીં ભાગે. વડાપ્રધાન પેડ્રો સાંચેઝે જણાવ્યું હતું કે, સ્પેનમાં રાત્રે

૧૧.૦૦વાક સવારે ૬.૦૦ વાગ્યા સુધી નાઈટ કરફ્યુનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, નોકરી કરતાં લોકો, દવાઓની ખરીદી તેમજ વૃદ્ધો અને

(અનુ.પાના નં.૫ ઉપર)

૩૧મીએ વડાપ્રધાન મોદી કેવડિયાથી સી–પ્લેનનું ઉદઘાટન કરશે, નર્મદા નદીમાંથી સી–પ્લેનમાં બેસીને અમદાવાદ સાબરમતી નદીએ ઉતરશે

રાજકોટમાં દશેરાએ વાહનોની ખરીદીમાં વધારો

૧૨૦૦ ટુ વ્હીલર, ૮૦૦ કારની ખરીદી

વેપારીઓને આશાઃ દિવાળીમાં ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ખરીદી નીકળશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ,તા.૨૬ કોરોના પછી રાજકોટમાં વાહનોની ડિમાન્ડમાં વધારો થયો છે. રવિવારે દશેરાએ એક જ દિવસમાં ૧૨૦૦ ટુ વ્હિલર અને ૮૦૦ ફોર વ્હિલર વેચાયા હતા.જ્યારે કેટલાક વાહનો અને મોડલમાં સ્ટોક ખૂટી પડતા લોકોને પોતાની પસંદગી મુજબના કલર અને મોડલ નહોતા મળ્યા. તે લોકોએ ખરીદી કરવાનું ટાળ્યું હતું. દશેરા કરતા દિવાળીએ વધુ વેપારની આશા સેવાઈ રહી છે. લોકોને પોતાની પસંદગી મુજબના વાહનો મળી રહે તે માટે દિવાળીના એડવાન્સ બુકિંગ કરાવી લીધા હતા.

(અનુ.પાના નં.૫ ઉપર)

જાહેર ખુલાસો તથા જાહેર નોટીસ

આથી સર્વે લાગતા વળગતાઓને મારા અસીલ **શ્રી રાકેશભાઈ પ્રતાપભાઈ રાજદેવ,** રહે. રાજકોટવાળાના વતી અને તેમની સુચના અનુસાર જણાવુંછું કે, :-

મારા અસીલ શ્રી રાકેશભાઈ પ્રતાપભાઈ રાજદેવ પ્રતિષ્ઠિત, આબરુદાર વ્યકિત છે. તાજેતરમાં મારા અસીલ ના નામને જોડી ''આર.સી.એન્ટરપ્રાઈઝ ના નામે આંગડીયા પેઢી, ડાયમંડ એકસચેન્જ - ફાઈન એકસચેન્જના માધ્યમથી સટ્ટાનું વિશ્વ આખામાં કારોબારનું નેટવર્ક ચલાવાતુ હોવાના'', ''રાજસ્થાન રાજયનાં જયપુર મુકામે ક્રિકેટ મેચ પર સટ્ટા નેટવર્ક ચલાવતા હોવાના'' તથા રાજસ્થાન રાજયનાં જયપુરમાં પાડેલા દરોડામાં રોકડ સાથે થયેલ ધરપકડ વિગેરે મતલબનાં આક્ષેપો મલીન ઈરાદાથી હિતશત્રુ દ્વારા ખોટા આક્ષેપો કરી, મનઘડંત સ્ટોરી બનાવી મીડીયામાં પબ્લીશ કરાવવામાં આવે છે તે બદ્નક્ષીયુકત સમાચારો મારા અસીલની પ્રતિષ્ઠા તથા આબરુને હાની પહોંચાડવાના મલીન ઈરાદાથી તથા તેમની શાખ સમાજના લોકોમાં હલકી પડે અને મારા અસીલ ધૃણાજનક હાલતમાં મુકાય તેવા ઈરાદાથી બદ્નક્ષીયુકત ચેષ્ટા કરવામાં આવે છે. જેનાથી મારા અસીલની આબરુને હાની પહોંચેલ છે. જેથી મારા અસીલ, તેના કુટુંબના સભ્યોની તથા સગા વ્હાલાઓની લાગણી દુભાયેલ છે.

મારા અસીલ શ્રી રાકેશભાઈ પ્રતાપભાઈ રાજદેવને આર.સી.એન્ટરપ્રાઈઝનાં નામની આંગડીયા પેઢી, ડાયમંડ એકસચેન્જ-ફાઈન એકસચેન્જ, ક્રિકેટ મેચ પર સટ્ટા નેટવર્ક, રાજસ્થાન રાજયનાં જયપુરમાં પાડેલા દરોડામાં રોકડ સાથે ધરપકડ થયેલ વ્યકિતઓ સાથે કોઈપણ પ્રકારે લેવા-દેવા નથી કે તેઓ સાથે કોઈપણ પ્રકારની સાંઠ ગાંઠ ધરાવતા નથી.

મારા અસીલશ્રી રાકેશભાઈ પ્રતાપભાઈ રાજદેવની શાખ હલકી પાડવા અને ધૃણાજનક હાલતમાં મુકવા માટે અમુક ઈસમો દ્વારા અમુક સમાચારપત્રો તથા મીડીયામાં તદ્દન ખોટા ન્યુઝ પ્રસિધ્ધ કરાવવામાં આવે છે.

મારા અસીલશ્રી રાકેશભાઈ પ્રતાપભાઈ રાજદેવ વિરૂધ્ધનાં કાવત્રાયુકત દુષ્કૃત્યનાં કારણે માનહાની તથા બદ્નક્ષીની કાનુની કાર્યવાહી કરવાની ફરજ ન પડે તે ઈચ્છનીય છે.

આથી જાહેર જનતાને જાણ કરવાની કે, સમાચાર પત્રો તથા મીડીયામાં મારા અસીલ શ્રી રાકેશભાઈ પ્રતાપભાઈ રાજદેવ વિરુધ્ધ પ્રસિધ્ધ થતા બદ્નક્ષીજનક લખાણોથી ગેરમાર્ગે દોરાવવું નહીં તેમજ લાગતા વળગતા તમામને જાણ કરવાની કે, મારા અસીલ વિરુધ્ધ સમાચારપત્રો તથા મીડીયામાં ખોટા, મનઘડંત અને બદ્નક્ષીજનક સ્ટોરી બનાવી સમાચાર પ્રસિધ્ધ કરાવનાર હીતશત્રુઓ વિરુધ્ધ, બ્લેક મેઈલીંગ કરાવનાર ઈસમો વિરુધ્ધ ફોજદારી, દિવાની તથા પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયામાં કાયદેસરની કાર્યવાહી નાઈલાજે કરવા ફરજ પડશે. જેની લાગતા વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૨૫-૧૦-૨૦૨૦.

અમારા મારફત :-

અનિલ આર. દેસાઈ (એડવોકેટ)

''મણીકુંજ'', પંચનાથ પ્લોટ શેરી નં.૩,

હેડ પોસ્ટ ઓફીસ પાછળ, રાજકોટ. ફોન : ૨૨૩૬૬૬૪

અનિલ આર. દેસાઈ

તે રાકેશભાઈ રાજદેવના એડવોકેટ

ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના યુવા પત્રકાર જયેશભાઈ સરવૈયાનો આજે જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના યુવા પત્રકાર તેમજ સમસ્ત ખાંટ રાજપૂત યુવા શક્તિ સંગઠનના સંસ્થાપક જયેશભાઈ સરવૈયાનો આજે જન્મદિવસ છે. બહોળા મિત્રવર્તુળ, સગાં-સ્નેહી તેમજ રાજકીય અગ્રણીઓ, સમાજના યુવા વર્ગ દ્વારા જયેશભાઈને જન્મદિવસની ઢગલાબંધ શુભકામનાઓ મળી રહી છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી જયેશભાઈ ને જન્મદિવસની ખુબ-ખુબ શુભેચ્છાઓ(૧૨.૨૭)

શ્રદ્ધાજંલિ / બેસણું

જાહેર ખબર પ્રકાર	આવૃતિ	સાઈઝ	ભાવ
બેસણું/શ્રધ્ધાજંલિ	રાજકોટ	5x2	200

5% GST

જાહેરાત માટે સંપર્ક કરોઃ
90333 44426

125, સ્ટાર ચેમ્બર,
હરિહર ચોક,
પંચનાથ પ્લોટ,
રાજકોટ-360001

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરોઃ
90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

અસત્ય પર સત્યના વિજય તરીકે ઉજવાતો પર્વ એટલે દશેરા

અસ્ત્ર-શસ્ત્રનું વિધિવત પૂજન

(તસવીરઃ રાજુ બગડાઇ)

દશેરા એ અંદર રહેલા અહંકારને બાળીને સત્યનો પ્રકાશ ફેલાવવાની તક છે, કોરોનાને કારણે રાવણ દહન ન થયું, શસ્ત્ર- અશ્વ અને શમીની પૂજા કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ) રાજકોટ,તા.૨૬: દશેરા એ હિન્દુઓનો મુખ્ય તહેવાર છે. આસો માસના સુદ પક્ષની દશમી તિથિએ (આ વર્ષે ૧૧ ઓક્ટોબર) તેની ઉજવણી થશે. ભગવાન શ્રીરામે આ દિવસે રાવણનો વધ કર્યો હતો, તેથી આ પર્વને અસત્ય પર સત્યના વિજય તરીકે પણ ઉજવવામાં આવે છે. દશેરા તહેવારને ભગવતીના નામ પવિજયાથ નામ પરથી પવિજયાદશમીથ પણ કહેવાય છે. સાધકે આ દિવસે પ્રાતઃ સ્નાનાદિ નિત્ય કર્મથી નિવૃત્ત થઈને નિમ્ન સંકલ્પ લેવાનો રહે છે.. ત્યારબાદ દેવતાઓ, ગુરૂજન, અસ્ત્ર-શસ્ત્ર, અશ્વ આદિનુ યથાવિધિ પૂજન કરવાનું હોય છે. શમી અને અશ્મતકની પાસે શમીના મૂળ તરફની જમીનને પાણી ચઢાવવાનું હોય છે. હવે પૂર્વ કે ઉત્તર તરફ મોઢુ રાખીને બેસો અને પહેલા શમીનુ પૂજન નીચેના મંત્ર દ્વારા કરો. હવે અશ્મતકની પ્રાર્થના નીચેના મંત્રો દ્વારા કરો. ત્યારબાદ શમી અને અશ્મતકના પાન લઈને તેમના પૂજા સ્થાનની થોડી માટી, થોડા ચોખા અને એક સોપારી લઈને એક કપડામાં બાંધી દેવાનું. અને સિધ્ધિની કામનાથી પોતાની પાસે રાખવાનું. સામાન્ય લોકોએ સવારે નિત્યકર્મથી પરવારી દેવીનુ વિધિવત પૂજન કરવાનું હોય છે. નવમી વિજયા દશમીએ વિસર્જન અને નવરાત્રિના પારણા કરવાના હોય છે. સવારે ઈશાન દિશામાં શુધ્ધ ભૂમિ પર ચંદન, કંકુ વગેરેથી અષ્ટદળ કમળનું નિર્માણ કરીને બધી સામગ્રી ભેગી કરીને અપરાજિતા દેવે સાથે વિજયા દેવીઓનું પૂજન કરો. શમી વૃક્ષની પાસે જઈને વિધિપૂર્વક શમી દેવનુ પૂજન કરવાનું રહે છે. તે માટી કોઈ પવિત્ર જગ્યાએ મૂકી દેવી. આ દિવસે શમીના તૂટેલા પાન, કે ડાળીયોની પૂજા ન કરવી. જો આપણે રાવણ દહનનો આનંદ ન લઈએ તો વિજયાદશમીનો ઉત્સવ અધૂરો રહી જાય છે. એક બાજુ મોટા મોટા દશેરા મેદાનોમાં રાવણ, કુંભકર્ણ અને મેઘનાદના પૂતળા બાળવાની પરંપરા છે. નાની ગલીયોમાં ઘરોમાં પણ આયોજનો થવા લાગ્યા છે. કામ ક્રોધ મદ લોભ રૂપી આ રાવણનું દહન કરી બધા આગામી વર્ષની સફળતા માટે પ્રાર્થના કરે છે. પરંતુ આ વર્ષે કોરોના હોવાને કારણે રાવણ દહનનો કાર્યક્રમ ક્યાય યોજાયો ન હતો.લોકોએ ઘરે રહીને તેમજ મીઠાઈની ખરીદી કરીને જ દશેરાની ઉજવણી કરી હતી. એવુ માનવામાં આવે છે કે અશ્વિન શુક્લ દશમીના રોજ તારો ઉદય થતા સમય પવિજયથ નામનો કાળ હોય છે. આ કાળ સર્વકાર્ય સિદ્ધિદાયક હોય છે. તેથી પણ તેને વિજયાદશમી કહેવાય છે. વિજયાદશમીના દિવસે ભગવાન શ્રીરામ ચૌદ વર્ષનો વનવાસ ભોગવીને અન રાવણનો વધ કરી અયોધ્યા પહોંચ્યા હતા. તેથી પણ આ તહેવારને વિજયાદશમી કહેવાય છે. વિજયાદશમીના પૌરાણિક મહત્વ મુજબ શત્રુ પર વિજય મેળવવા માટે આ દિવસે પ્રસ્થાન કરવુ જોઈએ. આ દિવસે શ્રવણ નક્ષત્રનો યોગ વધુ શુભ હોય છે. દૂર્યોધને પાંડવોને જુગારમાં હરાવીને બાર વર્ષના વનવાસ સાથે તેરમાં વર્ષે અજ્ઞાતવાસની શરત આપી હતી. આ અજ્ઞાતવાસ દરમિયાન અર્જુને પોતાનુ ધનુષ એક શમી વૃક્ષ પર મુક્યુ હતુ અને ખુદ વૃહન્નલા વેશમાં રાજા વિરાટની પાસે નોકરી કરી લીધી હતી. જ્યારે ગૌરક્ષા માટે વિરાટના પુત્ર કુમારે અર્જુનને પોતાની સાથે લીધો હતો ત્યારે અર્જુને શમી વૃક્ષ પરથી પોતાના હથિયાર ઉઠાવી શત્રુઓ પર વિજય મેળવ્યો હતો. વિજયાદશમીના દિવસે ભગવાન શ્રીરામ દ્વરા લંકા પર ચઢાઈ કરવાનું પ્રસ્થાન કરતી વખતે શમી વૃક્ષે ભગવાનના વિજયની ઘોષણા કરી હતી. વિજયકાળમાં તેથી જ શમી પૂજા પણ થાય છે. ત્યારે રવિવારે દશેરા નિમિતે ઠેર-ઠેર શસ્ત્રપૂજા કરવામાં આવી હતી.(૧૨.૯)

વિરપુર જલારામમાં ક્ષત્રિયો દ્વારા શસ્ત્રપૂજન

યાત્રાધામ વિરપુર જલારામધામમાં ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજની વાડી ખાતે વિજયાદશમીના પાવન પર્વ નિમિતે શાસ્ત્રોક્ત વિધિથી ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા શસ્ત્રપૂજન કરવામાં આવ્યું. વિજયાદશમી એટલે અધર્મ પર ધર્મનો વિજય અને દિવસે એવું પણ કહેવાય છે કે પાંડવો દ્વારા અધર્મ પર ધર્મના વિજય મેળવવા માટે સમી નામના વૃક્ષ પરથી પોતાના શસ્ત્રો ઉતારી અને વિધિવત તેમની પૂજા-અર્ચના કરવામાં આવી હતી તેમજ વિજયા દશમીએ જગત જનની મા જગદંબા દ્વારા જ દિવસે મહિષાસુર નામના રાક્ષસનો પણ વધ કરવામાં આવ્યો હતો ત્યારે બીજી તરફ ભગવાન શ્રીરામ દ્વારા દિવસે રાવણનો પણ સહાર કરવામાં આવ્યો હતો ત્યારે આ વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શક્તિ સંગઠન દ્વારા યાત્રાધામ વિરપુર જલારામ ખાતે વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે શાસ્ત્રોક્ત વિધિથી પરંપરાગત વિધિવત શસ્ત્ર પૂજન કરવામાં આવ્યુ હતું આ સાથે સાથે આજના દિવસે ક્ષત્રિય સમાજ દ્વારા જગત જનની મા જગદંબાને એ પણ પ્રાર્થના કરવામાં આવી છે કે જેવી રીતે માતાજીએ દૈત્યોનો સંહાર કર્યો છે તેવી જ રીતે સમગ્ર વિશ્વમાં કોરોના નામનો રાક્ષસ ફેલાય રહ્યો છે તે રાક્ષસ નો પણ નાશ થાય અને સમગ્ર વિશ્વને કોરોના વાયસરની મહામારી માંથી તારે તેવી જગત જનની જગદંબા અને માતાજીને દિવસે પ્રાર્થના પણ કરવામાં આવી છે.(૩.૧૦)

ઉપલેટામાં ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા શસ્ત્ર પૂજન

વિજયાદશમી એટલે અધર્મ પર ધર્મનો વિજય અને આજના દિવસે એવું પણ કહેવાય છે કે પાંડવો દ્વારા અધર્મ પર ધર્મના વિજય મેળવવા માટે શમી નામના વૃક્ષ પરથી પોતાના શસ્ત્રો ઉતારી અને વિધિવત તેમની પૂજા-અર્ચના કરવામાં આવી હતી તેમજ વિજયા દશમીએ જગત જનની મા જગદંબા દ્વારા આજના જ દિવસે મહિષાસુર નામના રાક્ષસનો પણ વધ કરવામાં આવ્યો હતો ત્યારે બીજી તરફ ભગવાન શ્રીરામ દ્વારા આજના દિવસે રાવણ નામના રાક્ષસનો પણ સહાર કરવામાં આવ્યો હતો ત્યારે આ વિજયા દશમીના પાવન પર્વ નિમિત્તે સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા ઉપલેટા ખાતે વિજયા દશમીના પાવન પર્વ નિમિત્તે શાસ્ત્રોક્ત વિધિથી પરંપરાગત વિધિવત શસ્ત્રપૂજન કરવામાં આવ્યું. ક્ષત્રિય સમાજ દ્વારા જગત જનની મા જગદંબાને એ પણ પ્રાર્થના કરવામાં આવી છે કે સમગ્ર વિશ્વમાં કોરોના નામનો વાયરસ ફેલાય રહ્યો છે તે વાયરસનો પણ નાશ થાય અને સમગ્ર વિશ્વને કોરોના મહામારીમાંથી ઝડપથી ઉગારે.(૩.૧૧)

રાજકોટ પોલીસ દ્વારા શસ્ત્ર પૂજન

શહેર પોલીસ દ્વારા ગઈકાલે વિજયાદશમીનો તહેવાર મનાવવામા આવેલ વિજયાદશમીના તહેવારને મનાવવા પાછળ આધ્યાત્મીક અને ધાર્મિક કારણ છે હિન્દુ ધર્મ શાસ્ત્રોમા જેનુ ઘણુ મહત્વ છે. દશેરાના દિવસે લોકો શસ્ત્ર પુજા કરે છે આ દિવસે જેટલા અસ્ત્ર-શસ્ત્ર હોય તેના પર ગંગાજળ છાંટી તેને પવિત્ર કરવામાં આવે છે. તેમજ કંકુ, અબીલ-ગુલાલ તીલક કરી ત્યાર બાદ તેના પર ફુલ અર્પણ કરવામાં આવે છે વિજયાદશમી પર શસ્ત્ર પુજાનો રિવાજ ઘણા લાંબા સમયથી ચાલી આવે છે જે રિવાજ મુજબ આજ રોજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ સયુંક્ત પોલીસ કમિશ્નર ખુરશીદ અહેમદ નાયબ પોલીસ કમિશ્નર પ્રવિણકુમાર નાયબ પોલીસ કમિશ્નર મનોહરસિંહ જાડેજા તથા રાજકોટ શહેરના તમામ મદદનીશ પોલીસ કમિશ્નર ઓ તથા પોલીસ ઈન્સ્પેકટર ઓ દ્વારા વિજયાદશમીના તહેવાર અનુસંધાને પોલીસ હેડ ક્વાટર્સ ખાતે શસ્ત્ર પુજનની વિધીમાં હાજર રહેલ અને પોલીસ ડીપાર્ટમેન્ટ પાસે રહેલ આધુનીક શસ્ત્રો તથા તાજેતરમા રાજકોટ શહેર પોલીસને ફાળવવામા આવેલ નવા શસ્ત્રો M.P-5 9MM, S.I.G. 5.56MM, SINPER RIFLE 7.62MM ની વિધીવત શાસ્ત્રોક્ત વિધીથી પુજા કરવામાં આવેલ તેમજ રાજકોટ શહેર પોલીસ ડીપાર્ટમેન્ટમા રહેલ એમ્બ્યુ.વિભાગના વાહનો, અશ્વની પણ પુજા કરવામાં આવેલ.(૩.૯)

ક્ષત્રિય અહીર સમાજ દ્વારા શસ્ત્રપૂજન

પોતાના ક્ષાત્રધર્મની પરંપરા મુજબ દશેરાના દિવસે ક્ષત્રિય આહીર સમાજ દ્વારા શસ્ત્રપૂજન કરાયું. વિજયા દશમી એટલે અસત્ય પર સત્યનો વિજય,અન્યાય પર ન્યાયના વિજયનો પર્વ છે. સદીઓથી ક્ષત્રિય આહીર(યાદવ) સમાજ રાષ્ટ્ર હિત માટે અને પોતાના પ્રાણની પરવાહ કર્યા વગર આશરે આવેલાના રક્ષણ માટે બલિદાનો આપતો આવ્યો છે. પ્રજાના રક્ષણ માટે,રાષ્ટ્રરક્ષા હેતુ, અનેક યુદ્ધો લડનારા અને હંમેશા દેશ પ્રત્યે વફાદાર રહેનાર ક્ષત્રિય આહીર સમાજ વિજયા દશમીના દિવસે પોતાના પક્ષાત્ર ધર્મથની પરંપરા મુજબ શસ્ત્ર પૂજન કરે છે,ત્યારે આ વર્ષે પણ રાજ્યના અલગ અલગ ગામડાઓ અને શહેરોમાં ક્ષત્રિય આહીર સમાજ દ્વારા કોરોના મહામારીની તકેદારી રાખી અને શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું.(૩.૧૨)

રઘુવંશી સમાજના આગેવાનો દ્વારા શસ્ત્ર પૂજન

કોરોનાને ધ્યાનમાં રાખીને જાહેરમાં શસ્ત્ર પૂજાનું આયોજન મોકૂફ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૨૬ : દશેરા નિમિતે રઘુવંશી સમાજના યુવાન આગેવાનો દ્વારા કોરોના જેવી વૈશ્વિક મહામારી ને ધ્યાનમાં રાખીને જાહેરમાં શસ્ત્ર પૂજનનું આયોજન મોકૂફ રાખવામાં આવ્યું હતુ. જે.વી.ફાઉન્ડેશનના ટ્રસ્ટી કે.ડી રઘુવંશીના ઘરે દસ થી બાર વ્યક્તિઓએ એકઠા થઈ ને વર્ષો થી ચાલી આવતી રઘુકુળ પરંપરા અનુસાર શસ્ત્ર પૂજા કરી હતી. જેમાં ઠાકુર કુલદીપ રઘુવંશી, શિખ સંપ્રદાય ના યુવાન આગેવાન અમનદીપસિંહ, પારકરા રાઠોડ ભાવિકરાજ, એડવોકેટ જયભારત રઘુવંશી, આર.એસ.એસ.ના કાર્યશીલ સભ્ય હિરેનભાઈ, સાઈનોવા કંપનીના મેનેજર પ્રતીક ભાઈ, ભૂતપૂર્વ ડેપ્યુટી એકાઉન્ટન્ટ ગુજરાત સરકાર ભુપેન્દ્રભાઈ કાછેલા, રિશીભાઈ, મોહિતભાઈ, ધ્રુમિલભાઈ વગેરે લોકોએ હાજર રહીને શસ્ત્રોની પૂજા કરી હતી.(૧૨.૧૧)

અમરેલી જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ તરીકે અશોક જોષીની ત્રી-વર્ષિય સફળ યાત્રા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમરેલી, તા.૨૬

અમરેલી જીલ્લાના હોમગાર્ડ કમાન્ડન્ટ તરીકે ના સફળતા ત્રણ વર્ષ પૂર્ણ કરવામાં આવ્યા કડક અને ઈમાનદાર તેમજ સમય પાલન, શિસ્ત પાલન અને કર્તવ્ય પાલનના હિમાયતી જિલ્લા કમાન્ડન્ટ અશોક જોષી એ તા.૨૪/૧૦/૧૭ના રોજ જિલ્લા કમાન્ડન્ટ તરીકે ચાર્જ સંભાળ્યાને ત્રણ વર્ષ પૂર્ણ થયા જેના કાર્યકાળ માં અમરેલી જિલ્લા હોમગાર્ડ દળ દ્વારા અનેક પ્રગતિના સોપાન સર કર્યા છે.

રાજ્ય કક્ષાના તાલીમ કેમ્પ માં અમરેલીના જવાનોને તાલીમબદ્ધ થવા મોકલ્યા ત્રણ વર્ષ માં જવાનોને ૮૦ થી વધુ સ્મૃતિ ચિહ્ન કે પ્રમાણપત્ર થી સન્માનિત કરાયા જે જિલ્લા માટે ગૌરવની વાત છે કોરોના વોરિયર્સ તરીકે હોમ ગાર્ડ જવાનોને પ્રોત્સાહિત કર્યા જિલ્લા કચેરી ખાતે કારકુન મહેકમ ન હોવા છતાં ખુદ કામગીરી કરી જવાનોના માનદ બીલ દસ તારીખ સુધીમાં પગાર કરવાની કામગીરી પ્રસંશનીય છે.

વૃક્ષારોપણ કાર્યક્રમ અને બ્લડ ડોનેશન કેમ્પ તથા નેત્ર નિદાન કેમ્પ દ્વારા સેવાકીય કાર્યો અને સ્મશાન સફાઈ જેવી પ્રવૃત્તિ થી દળની આગવી ઓળખ ઉભી કરેલ છે પી.સી. રેન્ક ઉમેદવારોની મીટીંગ આયોજન અને માર્ગદર્શનના કારણે જિલ્લાના અનેક ઉમેદવારો રેન્ક ટેસ્ટ પાસ થયા એસ.પી.સી. રેન્ક માં યુનિટ અધિકારીની નિમણુક કરાવેલ. એન.સી. ઓ. રેન્ક ટેસ્ટ ના ચાર સફળ આયોજન કરી રાજ્ય કક્ષાએ જિલ્લાને અગ્રેસર બનાવેલ છેનજિલ્લાના માનદ અધિકારીઓને છ છ માન. મુખ્યમંત્રી મેડલ મળવા એ જોષીના કાર્યકાળની ખાસ યશ કલગી છે મેડલ મેળવનાર ઓનું માન. કેન્દ્રીય મંત્રી રૂપાલા સાહેબ હસ્તક સન્માનિત કરાવી પ્રોત્સાહિત કરેલ છે જિલ્લા કચેરી માટે અને જાફરાબાદ યુનિટ માટે જમીન મેળવી તથા અન્ય યુનિટ માટે ગ્રાઉન્ડ અને કચેરી માટે મકાન બને એ માટે સતત પ્રયત્નશીલ છે જીલ્લા કમાન્ડન્ટ અશોકભાઈ જોષી સાહેબ હંમેશા હોમગાર્ડ જવાનોની સાથે ઉભા રહી જવાનોનો ઉત્સાહ પુરો પાડી રહ્યા છે લોકડાઉન બંદોબસ્ત, કોરોનાં કન્ટેમેન્ટ બંદોબસ્ત, તહેવારો અને ચૂંટણી બંદોબસ્ત, નાઈટ ડ્યુટી વગેરે જેવી ફરજ બજાવી હોમગાર્ડ જવાનો પોલીસની કદમ મીલાવી કામગીરી કરી રહ્યા છે આ તકે હોમગાર્ડ ઓફિસર અમીતગીરી ગોસ્વામી દ્વારા જીલ્લા કમાન્ડન્ટ શ્રીજોષીના ત્રણ વર્ષ પૂર્ણ થવાથી સન્માનિત કરવામાં આવ્યા હતા.(૧૨.૫)

ઉપલેટામાં મહારાજા ભગવતસિંહજીની ૧૫૫મી જન્મજયંતિ ઉજવાઇ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ઉપલેટા, તા.૨૬

આજથી બરાબર ૧૫૫ વર્ષ પહેલાં ધોરાજી મુકામે સંગ્રામસિંહજી જાડેજાના ઘરે ભગવતસિંહજીનો જન્મ થયો હતો. સર ભગવતસિંહ સંગ્રામસિંહ જાડેજાનુ ઉપનામ ગોંડલબાપુ છે તેમજ તે ભગાબાપુ તરીકે પણ ઓળખાય છે. ગોંડલબાપુએ ૧૮૮૪ માં પોતાના કાર્યની શરૂઆત કરી હતી. ગોંડલબાપુએ પોતાના રાજ્યમાં પ્રથમ ટેલીફોનીક લાઇન સન ૧૮૮૭ માં નાખી હતી.

ગોડલ સ્ટેટના વખતમાં ગોડલબાપુનુ અતિ પ્રિય શહેર ઉપલેટા હતું. ઉપલેટાના નકશા પ્રમાણે રોડ રસ્તા તેમજ શહેર ચારે તરફથી શહેર એકસરખુ લાગે છે. ગોંડલ સ્ટેટના મહારાજા સર ભગવતસિંહજી મહારાજના પોતાના રાજ્યની અંદર નીતિનિયમો કડક અને આકરા પણ બનાવેલ હતા. આ નીતિનિયમો તેમની પ્રજા માટે અત્યંત ફાયદાકારક પણ હતા.

તેમના રાજ્યમાં લોકોને તમામ પ્રકારની સુખ સુવિધાઓ મળતી રહે તેમજ લોકોને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે તમામ પ્રકારની તકેદારી ગોંડલ સ્ટેટના મહારાજ એવા અરબ ભગવતસિંહજી મહારાજા રાખતા હતા. તા.૨૪ ઓક્ટોમ્બર એટલે ગોંડલ સ્ટેટના મહારાજ એવા રાજા સર ભગવતસિંહજીની ૧૫૫ મી જન્મ જયંતિ. આ જન્મ જયંતિ નિમિત્તે ઉપલેટા શહેરમાં આવેલ બાપુના બાવલા ચોકમાં આવેલી ગોંડલ બાપુની પ્રતિમા પર ઉપલેટા પંથકના લોકો દ્વારા પુશ અર્પણ તેમજ હારતોરા કરવામાં આવ્યું હતુ અને સાથે સાથે અહીંયા એક તખ્તીનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો, શહેરીજનો, ક્ષત્રિય સમાજના લોકો તેમજ સમાજના લોકો, રાજકીય આગેવાનો, હોદ્દેદારો તેમજ પદાધિકારીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને આ ગોંડલ બાપુની ૧૫૫ મી જન્મ જયંતી નિમિત્તે ઉપસ્થિત રહ્યા હતા. ગોંડલ સ્ટેટના લોકો આજે પણ બાપુનું નામ ગર્વથી લ્યે છે તે સાથે લોકો આજે પણ પોતાને ગર્વથી ગોંડલ સ્ટેટના વતની તરીકે જણાવે છે અને ગર્વ અનુભવે છે.(૧૨.૬)

નવ દિવસીય અનુષ્ઠાન બાદ ઘટ સ્થાપનની ફરતે જુવારા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ) રાજકોટ : શનિવારે અંતિમ નોરતું હોય, માતાજીને છેલ્લે દિવસે પણ ભક્તજનો દ્વારા પુજા-અર્ચન કરીને ભાવથી પ્રાર્થના કરવામાં આવી હતી. કેટલાક શ્રધ્ધાળુઓ નવરાત્રીના પ્રારંભે ઘટ સ્થાપન કરીને નવ દિવસીય અનુષ્ઠાન કરે છે. ભક્તિરૂપી આસ્થાના જળથી નવ દિવસ બાદ ઘટ સ્થાપન કર્યું હોય ત્યાં જુવારાએ ઘટને સંપૂર્ણ ઢાકી દીધો હોય તે તસ્વીરમાં નજરે પડે છે.(૧૨.૧૦)

શિવસેનાનો ભાજપને સવાલ

બિહારના લોકોને મફત કોરોના વેક્સિન તો બીજા રાજ્યો પાકિસ્તાનમાં છે?

(એજન્સી સમાચાર)

મુંબઇ, તા.૨૬

બિહારના લોકોને ભાજપે ચૂંટણી જીતે તો કોરોનાની રસી મફત આપવાની લાલચ આપી છે.જેના પર વિવાદ વકરી રહ્યો છે. ભાજપના એક સમયના સાથીદાર શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં ભાજપના આ વાયદા પર નિશાન સાધ્યુ છે.

સામનાના લેખમાં કહેવાયુ છે કે, ભાજપનો અસલી ઈરાદો શું છે, બે દિવસ પહેલા પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કોરોનાની રસી આવતાની સાથે જ દેશના તમામ લોકોને રસી પહોંચાડવા માટે સરકાર પ્રયાસ કરશે અને એ પછી ભાજપ બિહારના લોકોને મફત રસી આપવાનુ વચન આપે છે. તો શું બીજા રાજ્યો પાકિસ્તાનમાં છે, આ રાજ્યોના લોકોને રસી આપવા માટે રશિયાથી પુતિન આવવાના છે.

શિવસેનાએ બિહારમાં ચૂંટણી પ્રચારમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ ભુલાઈ ગયુ છે તે વાત પર ટોણો મારતા કહ્યુ હતુ કે, રાજકીય સભાઓમાં જે રીતે ભીડ ઉમટી રહી છે તે જોતા એમ લાગે છે કે, કોરોના દબાઈને મરી જશે.ભાજપે લોકોના મનમાં કોરોનાનો ડર વધારીને મફત રસી મુકવાનુ વચન આપવાનો ઉદ્યોગ શરુ કર્યો છે. શિવસેનાનુ કહેવુ છે કે, સત્તા મેળવવા માટે નૈતકતાનો દાવો કરતી પાર્ટી કેટલી હદે નીચે જઈ શકે છે તેની ખબર પડી ગઈ છે.મફતમાં રસી માત્ર બિહારને કેમ, આખા દેશને કેમ નહી, આખા દેશમાં કોરોનાનુ તાંડવ છે ત્યારે કોરોનાના નામે ચૂંટણીના મત મેળવવાનુ રાજકારણ દુખદ છે. બિહારની ચૂંટણીમાં વિકાસ ગૂમ છે.

જો કોરોનાની રસી શોધાઈ તો તેનો સૌથી પહેલો લાભ ભાજપ માટે બિહાર ચૂંટણીમાં મદતાન કરનારાને મળશે પણ જો ભાજપ સત્તા પર ના આવી તો ભાજપ બિહારના લોકોને મફત રસી નહી આપે, ઘણા રાજ્યોમાં ભાજપની સરકાર નથી તો ત્યાંના લોકોનુ શું?રસી શોધાયા બાદ વિરોધી પાર્ટીના નેતાને કોરોના થયો તો કદાચ ભાજપ એવુ કહેશે કે પહેલા પાર્ટી બદલો પછી તમને રસી મળશે.(૯)

તંત્રી સ્થાનેથી...

ભારતની મક્કમતાથી ચીન ફફડી ગયું

આજે દેશભરમાં દશેરાનો તહેવાર ઉજવાઈ રહ્યો છે. આ પ્રસંગે દર વર્ષની જેમ આ વખતે પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્ય મથક નાગપુરમાં શસ્ત્ર પૂજા કરવામાં આવી હતી. સંઘના વડા મોહન ભાગવતએ તેમના સંબોધનમાં દેશની ઘણી મહત્વપૂર્ણ બાબતો તરફ ધ્યાન દોર્યું હતું. ભાગવતે ચીનના મામલે પીએમ મોદીની પીઠ થપથપાવાની સાથે ભાગવતે ચીનના બેવડા વલણથી સાવચેતી રાખવાનું કહ્યું. આરએસએસ વડાએ કહ્યું, નચીનના વિસ્તારવાદી સ્વભાવને બધા જ જાણે છે. આ વખતે તે એક સાથે તાઇવાન, વિયેતનામ, અમેરિકા, જાપના અને ભારત સાથેની લડાઇમાં ઉતર્યું. પરંતુ આ વખતે તફાવત છે. આ વખતે ભારતે તેની સામે પ્રતિક્રિયા આપી, તેના કારણે તે ફફડી ગયું. તેને ધ્રાસકો લાગ્યો. કારણ કે ભારત મક્કમતાથી ઉભું રહ્યું. ભારતીય સેનાએ પોતાની બહાદુરી બતાવી, ભારતના નાગરિકોએ દેશભક્તિનો પરિચય દેખાડ્યો. ચીન પર નિશાન સાંધતા મોહન ભાગવતે કહ્યું કે આપણે શાંત રહીએ છીએ તેનો મતલબ એ નથી કે આપણે દુર્બળ છીએ. એ વાતનો અહેસાસ તો હવે ચીનને પણ થઇ ગયો છે. પરંતુ એવું નથી કે ત્યારબાદ આપણે બેદરકાર થઇ જઇએ. આવા ખતરાઓ પર નજર બનાવી રાખવી પડશે. મોહન ભાગવતે કહ્યું કે આપણે બધાની સાથે મિત્રતા ઇચ્છીએ છીએ.

તે આપણો સ્વભાવ છે. પરંતુ આપણી સાવનાને દુર્બળતા માનીને પોતાના બળના પ્રદર્શનથી કોઇ ભારતને ઇચ્છે તેમ નચાવી લે, ઝૂકાવી લે એ બની જ ના શકે, આટલું તો અત્યાર સુધી આવું દુ:સાહસ કરનારાઓને સમજમાં આવવું જોઇએ. નાગપુરમાં આરએસએસ હેડક્વાર્ટરમાં પોતાના સંબોધન પર સર સંઘના સંચાલક મોહન ભાગવતે કહ્યું કે વ્યૂહાત્મક અને આર્થિક ષ્ટિકોણથી તેમને ખૂબ ધક્કો તો લાગ્યો છે. તેના લીધે બાકીની દુનિયાએ પણ ચીનને ઝપકો આપવાનું શરૂ કરી દીધું છે. તેની સામે ઉભા રહેવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું કે તેના કારણે હવે વધુ સજાગ રહેવું જરૂરી છે. કારણ કે જે વિચાર્યું ન હતું, તે પરિસ્થિતિ તેની સામે ઉભી થઇ છે. તેના જવાબમાં તે શું કરશે તે ખબર નથી. તેનો ઉપાય સાવધાની અને વ્યૂહાત્મક તૈયારી છે. વ્યૂહાત્મક, આર્થિક અને રાજદ્વારીમાં આપણે ચીન કરતા મોટા બનવું પડશે. આપણે આ કરતા રહેવું પડશે, જો આપણે આ કરીશું તો જ આપણે ચીનને રોકી શકીશું. તેઓએ સંબોધિત કરતાં કહ્યું કે ૯ નવેમ્બરના રોજ રામજન્મભૂમિના મામલામાં પોતાનો નિર્ણય આપીને સુપ્રીમ કોર્ટે ઇતિહાસ રચ્યો. ભારતની જનતાએ આ નિર્ણયને સંયમ અને સમજદારીનો પરિચય આપતા સ્વીકાર કર્યો. કોરોના પર બોલતા સંઘ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે કોરોનાના લીધે ઘણા બધા વિષય બંધ થઇ ગયા. મોહન ભાગવતે કહ્યું કે સરકારની તરફથી યોગ્ય સમય પર ઉઠાવામાં આવેલા પગલાંના લીધે ભારતને કોરોનાના કેસમાં અન્ય દેશોની સરખામણીમાં ઓછું નુકસાન થયું. વિશ્વના અન્ય દેશોની તુલનામાં આપણું ભારત સંકટની આ પરિસ્થિતિમાં વધુ સારી રીતે ઉભું થતું દેખાય છે. ભારતમાં આ મહામારીની વિનાશકતાનો પ્રભાવ બાકી દેશો કરતાં ઓછો દેખાઇ રહ્યો છે, તેના કેટલાંક કારણો છે. કોરોનાના માર એ કેટલીય સાર્થક વાતોની તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે.

એસઓજીએ પકડેલો ૯૨૦૦ લીટર જવલંનશીલ પ્રવાહીનો જથ્થો મૂકત કરવા કોર્ટનો આદેશ

સપ્ટેમ્બરમાં સાડા છ લાખનો મુદ્દામાલ પકડાયેલો : વકીલ જનાણીની સફળ રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

શહેરના એસ.ઓજી બ્રાંચ દ્વારા પકડવામાં આવેલો ૯૨૦૦ લીટર જવંલનશીલ પદાર્થ મુળ માલિકને પરત કરવાનો હુકમ રાજકોટ કોર્ટે ર્ક્યો હતો.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ તા.૮/૯/૨૦ ના એસઓજી બ્રાંચના લોકો પેટ્રોલિંગમાં હતા ત્યારે તેઓને બાતમી મળેલ કે સાત હનુમાનથી સોખડા ગામ જવાના રસ્તા ઉપર આવેલા સ્વસ્તિક હોસ્પિટલ પાસે સોમનાથ બોરવેલ ઓફિસે દિક્ષીત ગોગનભાઈ વઘાસીયા, રહે. તડકા પીપળીયા, તા.ભેસાણ જી.રાજકોટ વાળાએ જગ્યાના સંચાલક ભાવેશભાઈના કહેવાથી વાહનોમાં ગેરકાયદે રીતે ઈધણ ભરતો હોય જેથી સ્ટાફના માણસોને સાથે રાખી એસઓજીએ રેડ કરતા ૨૦૦ લીટર જવલંનશીલ પ્રવાહી ભરેલા બેરલ નં. ૧૫ તેમજ પ્લાસ્ટીકના બેરલ નંગ-૫ તેમજ પ્લાસ્ટીકની મોટી ટાંકી જેમાં ૨૨૦૦ લીટર તથા લોખંડની એક ટાંકી જેમાં ૩૦૦૦ લીટર એમ કુલ ૯૨૦૦ લીટર જવલંનશીલ પ્રવાહી એમ કુલ મળીને રૂા.૬,૩૪,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરેલ હતો જેથી તે બાબતે નમૂના બોટલો ભરી એફએસએલ કચેરીએ પૃથ્થકરણ કરવા માટે મોકલવામાં આવ્યું હતું.

અરજદાર ભરત રણછોડભાઈ બાલધાએ આ જવલંનશીલ પ્રવાહી ૯૨૦૦ લીટર પરત મેળવવા એડવોકેટ અમીત જનાણી મારફતે કોર્ટમાં અરજી કરેલી હતી જેમાં ઉચ્ચ અદાલતના તેમજ ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાઓની રજૂઆત કરી હતી.પોતાની પાસે જવલંનશીલ પ્રવાહીના બિલો અને તે રાખવા માટે જરૂરી દસ્તાવેજો રજૂ કરેલા. આ મુદ્દામાલ વધારે વખત પડી રહે તો તેઓને ખૂબજ નુકશાન જાય તેમ હોય શરતોને આધિન જથ્થો મુક્ત કરવા રજૂઆત કરી હતી. ઉપરોક્ત દલીલોને ધ્યાને લઈ કોર્ટે ૯૨૦૦ લીટર જવલંનશીલ પ્રવાહીનો જથ્થો સહિતનો મુદ્દામાલ અરજદારને સોંપવા હુકમ ર્ક્યો હતો. આ કામના અરજદાર વતી વકીલ અમીત એન.જનાણી તથા ઈકબાલ શૈયમ રોકાયા હતાં.

વોર્ડ નં.૨માં એવિએશન, પત્રકાર સોસા. મેઈન રોડ પર પેવિંગ બ્લોકનું ખાતમુહૂર્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

વોર્ડ નં.૨માં આવેલ એવિએશન સોસાયટી તથા પત્રકાર સોસાયટી મેઈન રોડ પર પેવિંગ બ્લોકનું ખાતમુહૂર્ત શહેર ભાજપ મહામંત્રી દેવાંગભાઈ માંકડ, વોર્ડ નં.૨ના કોર્પોરેટર અને બાંધકામ સમિતિના ચેરમેન મનીષભાઈ રાડીયા, વોર્ડ નં.૨ના કોર્પોરેટર અને આરોગ્ય સમિતિના ચેરમેન જયમીનભાઈ ઠાકર, કોર્પોરેટર અને પૂર્વ ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, કોર્પોરેટર સોફીયાબેન દલના હસ્તે કરવામાં આવ્યું. વોર્ડ પ્રભારી નરેન્દ્રસિંહ ઠાકુર, વોર્ડ ભાજપના પ્રમુખ અતુલભાઈ પંડિત, વોર્ડ નં.૨ ભાજપના મહામંત્રી દશરથભાઈ વાળા, ભાવેશભાઈ ટોયટા, પૃથ્વીરાજસિંહ વાળા, રાજેન્દ્રસિંહ ગોહિલ, જયસુખભાઈ પરમાર, હર્ષદભાઈ ઝાલા, રોઝેફાભાઈ સાકીર, અજયસિંહ જાડેજા, પ્રફુલભાઈ મહેતા, જયદીપભાઈ ગઢવી, નિલેશભાઈ તેરૈયા, જયરાજસિંહ જાડેજા, ચંદ્રસિંહ જાડેજા, રાજુભાઈ પારેખ, છેલભાઈ, દેવયાનીબેન રાવલ, જાગૃતિબેન, શ્યામાનાબેન, કીર્તિબેન જોષી, કુશુમબેન પરમાર, જ્યોતિબેન પરમાર, લીલુબેન જોગરાણા, યામિનીબેન ધોળકિયા, મનછાબેન ગોસ્વામી, જસુમતીબેન વસાણી, નિશ્ચલભાઈ જોષી, ચિંતનભાઈ દવે, કલાબેન ચંદારાણા, મીનાબેન પલાણ, રીનાબેન સીદોરા, હેતલબેન શુકલ, આશાબેન પોબરુ, જાગૃતિબેન મહેતા, લાભુબેન જોગરાણા, ભારતીબેન ઝાલા, રેખાબેન પરમાર, વર્ષાબેન પરમાર, ભાવેશભાઈ પરમાર, પ્રફુલભાઈ મહેતા, હિમાંશુભાઈ રાવલ, જયશ્રીબેન પરમાર, જયરાજસિંહ, નૈમિષભાઈ સિદ્ધપુરા તથા વિસ્તારવાસીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.(૧.૪)

"સૌનો સાથ, સૌનો વિકાસ"ના મંત્રને વરેલા અનિલ પારેખનો આજે જન્મદિવસ

જન્મદિવસની શુભેચ્છા પાઠવતા ભાજપ અગ્રણીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ : રાજકોટ શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ પોતાનાં મંગલમય જીવનનાં ૬૯ વર્ષ પુર્ણ કરી ૭૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શહેર ભાજપ કાર્યાલય ખાતે અનિલભાઈ પારેખને ઉપસ્થિત ભાજપ અગ્રણીઓએ પુષ્પગુચ્છ અર્પણ કરીને શુભેચ્છા પાઠવી હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી દેવાંગ માંકડ, જીતુ કોઠારી, કિશોર રાઠોડ, શહેર ભાજપ મંત્રી વિક્રમ પુજારા, મહેશ રાઠોડ, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી, કોર્પોરેશન ભાજપ કાર્યાલય મંત્રી જયંતભાઈ ઠાકર, કોર્પોરેટર મનીષ રાડીયા, વોર્ડ નં. ૭ ના પ્રભારી સુરેન્દ્રસિહ વાળા, વોર્ડના પ્રમુખ રમેશભાઈ દોમડીયા,ઉમેશ ધામેચા, કાર્યાલય પરીવારના પ્રવીણભાઈ ડોડીયા, રમેશભાઈ જોટાંગીયા, રાજન ઠક્કર, નીલેશ ખુટ, ચેતન રાવલ, પી. નલારીયન, વીજય મેર, ભરતભાઈ સોલંકી, રમેશભાઈ પંડયા, રાજ ધામેલીયા સહીતના ઉપસ્થિત રહયા હતા.

લગ્ન, મરણ સહિતના પ્રસંગોમાં વ્યક્તિની હાજરીની સંખ્યા વધારવા ઉઠી માંગ

વોર્ડ નં. ૭ માં કરણપરા વિસ્તારમાં પેવર કામનો પ્રારંભ

ગોવિંદ પટેલ, બીનાબેન આચાર્ય, ડો. ભરત પારેખ, જયંતીભાઈ ભટ્ટ, અતુલ પોપટ, જયેન્દ્ર મહેતા, યશવંતસિહ સીસોદીયા સહીતના ઉપસ્થિત રહયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ : શહેરના વોર્ડ નં. ૭ના કોર્પોરેટર કશ્યપ શુકલ, અજય પરમાર, મીનાબેન પારેખ તથા હીરલબેન મહેતાના સહીયારા પ્રયાસોથી કરણપરા મઢુલી ચોક વિસ્તારમાં પેવર કામનો પ્રારંભ મેયર બીનાબેન આચાર્ય, વિધાનસભા-૭૦ના ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં અને શહેર ભાજપના મહામંત્રી દેવાંગ માંકડ, જીતુ કોઠારી, કિશોર રાઠોડના અતિથિવિશેષપદે અને સ્થાનીક અગ્રણી ડો. ભરતભાઈ પારેખ, જયંતીભાઈ ભટ્ટ, અતુલભાઈ પોપટ, જયેન્દ્રભાઈ મહેતા, યશવંતસિહ સીસોદીયાના હસ્તે પેવર કામનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ તકે શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ, વોર્ડના પ્રભારી સુરેન્દ્રસિહ વાળા, વોર્ડ પ્રમુખ રમેશભાઈ દોમડીયા, મહામંત્રી અનીલ લીંબડ, રમેશ પંડયા, કીરીટ ગોહેલ, દીપક ભટ્ટ, પુનીતાબેન પારેખ, ઉમેશભાઈ ધામેચા, વીશાલ માંડલીયા, પ્રતિક વેગડ, રવજીભાઈ સુવાગીયા, રાજેશ ચાવડા, કમલેશ હિન્ડોચા, રાજુ મુંધવા, રાજુ સવાણી, વીમલ જોષી, શંકરભાઈ પ્રભુજયોત, અનીલભાઈ પાટડીયા, સહીતના સાથે બહોળી સંખ્યામા ઉપસ્થિત રહયા હતા.(૧.૬)

ગુજરાતમાં ફેબ્રુ. સુધીમાં વેક્સિન આવશેઃ મુખ્યમંત્રી રૂપાણી



(એજન્સી સમાચાર)

વડોદરા, તા.૨૬

કોરોના વેક્સિન મુદ્દે મુખ્યમંત્રી રૂપાણીનું મોટું નિવેદન સામે આવ્યું છે. ગુજરાતમા જાન્યુઆરી-ફેબ્રુઆરી સુધી વેક્સિન આવશે. હાલમાં નિયમોનું પાલન કરવું એકમાત્ર વિકલ્પ છે.

વડોદરામાં સરદાર ધામ કાર્યક્રમમાં નિવેદન આપ્યું છે. સીએમ રૂપાણીએ વડોદરા સરદાર ધામનું ખાતમુહૂર્ત કર્યું છે. અમદાવાદ બાદ વડોદરામાં પણ સરદાર ધામ બનશે. ૧૦૦ કરોડનાં ખર્ચે સરદારધામ નિર્માણ પામશે. વડોદરામાં પાટીદાર સમાજનું વિશાળ સંકુલ બનશે. વડોદરા નજીક અણખોલ ગામે વિશાળ સંકુલ બનશે. ૫ લાખ ચોરસ મીટર જગ્યામાં ભવ્ય સરદારધામ બનશે.

હોસ્ટેલ, ઓડિટોરિયમ, કોન્ફરન્સ હોલ, ગેસ્ટ હાઉસ બનશે. આ સાથે જ મુખ્યમંત્રી રૂપાણીએ લોકોએ ગરબા નહી કરવાનો નિર્ણયને આવકાર્યો હતો અને કહ્યું હતુ કે, આવતા વર્ષે વધુ ઉત્સાહ સાથે ધામધૂમથી ગરબા કરીશું.(૯)

રક્ષામંત્રીએ ચીનને આપ્યો સખ્ત સંદેશ- કોઇ નહીં લઇ શકે ૧ ઇંચ જમીન

વાહન ચોરીના ગુનામાં ભરવાડ શખ્સ પાસામાં ધકેલાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

મવડી ચોકડી પાસે આવેલી લાભદિપ સોસાયટી શેરી.૯માં રહેતો રાહુલ કાળુભાઈ રાતડીયા (ઉ.વ.૧૯) નામનો શખ્સ અગાઉ માલવીયા, આજીડેમ, ભક્તિ નગર, અને તાલુકા પોલીસમાં વાહન ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો હોય માલવીયા નગર પોલીસના પીઆઈ કેએન ભુકણ, પીએસઆઈ, વી.કે.ઝાલા, સહિતના સ્ટાફે શખ્સની અટકાયત કરી. તેના પાસાના કાગળો તૈયાર કરી વડી કચેરી એ શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલને મોકલાવતા તેના પર પોલીસ કમિશ્નરે મહોર લગાવી દેતા પોલીસે વાહન ચોરીના ગુનામાં રાહુલ ભરવાડને પાસામાં સુરત જેલમાં ધકેલી દીધો હતો.

પૂર્વ મેયર અને પ્રદેશ ભાજપ અગ્રણી રક્ષાબેન બોળીયાનો આજે જન્મદિવસ

રાષ્ટ્રીય કિસાન સંઘના પુર્વ અધ્યક્ષ અને આર.એસ.એસ. પ્રદેશના પુર્વ પ્રાંત સંચાલક કુવરજીભાઈ જાદવના પુત્રી અને રાજકોટ મહાનગરપાલિકાના પુર્વ મેયર અને પ્રદેશ ભાજપના કારોબારી સભ્ય તેમજ ચાઇલ્ડ વેલ્ફેર કમીટી ચેરમેન રક્ષાબેન બોળીયાનો આજે જન્મદિવસ છે ત્યારે પોતાના મંગલમય જીવનના ૫૪ વર્ષ પુર્ણ કરી ૫૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે ત્યારે ઠેર ઠેરથી શુભેચ્છા મળી રહી છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી રક્ષાબેનને શુભકામનાઓ...

કલેકટર તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરાયા હતા

રહેઠાણ માટે જગ્યા ફાળવવા રજૂઆત

કલેકટરને રજૂઆત કરતા રાણીપરાના વિસ્તારવાસીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

રાણીપરાના વિસ્તાર વાસીઓએ આજે રાજકોટ કલેકટરને આવેદન પાઠવ્યું હતું. આવેદન પત્રમાં જણાવ્યું હતું કે, વિસ્તારમાં ઘણાં સમયથી રહેતા હોય.

અમારો ત્યા કાયમી વસવાટ હોય,તેમજ ઢોર-ઢાંખર હોવાથી કોઈ અમને ભાડાપટેથી રહેવા માટે જગ્યા આપતા નથી. તાજેતરમાં જ ડિમોલિશનમાં અમે ઘરબાર ગુમાવ્યો છે.

અમને રહેઠાણ માટે અન્ય કોઈપણ જગ્યા ફાળવવા આજીડેમ ચોકડી પાસે આવેલ સરકારી ખરાબાની જગ્યામાં ગેરકાયદેસર કબ્જો જમાવનાર ૪૫ આસામીના કાચા-પાકા મકાન અને ઝુપડા ઉપર પૂર્વ મામલદારની ટીમે શુક્રવારે બુલડોઝર ફેરવી અંદાજે ૧૦ કરોડની જમીન ખુલ્લી કરી હતી.સરકારી ખરાબાની સર્વે નંબર ૨૩૭ની જમીન કલેકટરતંત્ર દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને વનીકરણના હેતુ માટે ૧૫૬ એકર જમીન ફાળવવામાં આવી હતી.(૧.૨)

અંકલેશ્વરના વાલિયા ચોકડી પાસે શંકાસ્પદ લાકડાનો જથ્થો ભરેલો ટ્રક ઝડપાયો



(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર, તા.૨૬

અંકલેશ્વરની વાલિયા ચોકડી નજીક થી શંકાસ્પદ ખેરના લાકડા ભરેલ ટ્રકને ભરૂચ એલસીબીની ટીમે ઝડપી પાડી કુલ ૧૦ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, પોલીસ સુત્રોમાંથી માહિતી મુજબ ભરૂચ એલસીબી પોલીસની ટીમ ને અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન શંકાસ્પદ ખેરના લાકડા ભરેલ ટ્રક વડોદરા તરફ જવાની હોવાની માહિતીના આધારે અંકલેશ્વરની વાલિયા ચોકડી નજીક વોચ ગોઠવી હતી દરમ્યાન ટ્રક આવતા તેને રોકી અંદર તલાસી લેતા ખેરના લાકડાનો જથ્થો મળી આવ્યો હતો એલસીબી પોલીસે યુપીના ટ્રક ચાલક રામવિનય રામલક્ષમણ વર્માને લાકડા અંગેના જરૂરી દસ્તાવેજો માંગતા તેણે સંતોષકારક જવાબ નહિ આપતા તેની અટકાયત કરી રૂપિયા ૨ લાખ ૨૫ હજારની કિંમતના લાકડા નો જથ્થો અને ૮ લાખની ટ્રક તેમજ મોબાઈલ મળી કુલ રૂપિયા ૧૦ લાખ ૩૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વોર્ડ નં.૮ માં યોગીદર્શન સોસાયટી ખાતે પેવર કામનો પ્રારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ : રાજકોટના વોર્ડ નં. ૮ માં આવેલ યોગીદર્શન સોસાયટીમાં ફીલ્ડમાર્શલ છાત્રાલય સામેની શેરી, કોર્પોરેટર મનીષભાઈ રાડીયાના ઘર પાસેના વિસ્તારોમાં પેવર કામનો પ્રારંભ પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન પુષ્કર પટેલ અને નવીનભાઈ ઠક્કરના હસ્તે તેમજ વોર્ડના પ્રભારી નિતીન ભુત, કોર્પોરેટર મનીષ રાડીયા, વોર્ડ પ્રમુખ અશ્વીન પાંભર, શહેર ભાજપ મંત્રી મહેશ રાઠોડ, રઘુભાઈ ધોળકીયા, વોર્ડ મહામંત્રી કાથડભાઈ ડાંગર, તેજશ જોષી, કોર્પોરેટર વીજયાબેન વાછાણી, મનુભાઈ વઘાશીયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. વોર્ડ નં.૮માં આવેલ યોગીદર્શન સોસાયટી ખાતે પેવર કામનો શુભારંભ કરવામાં આવેલ.

આ પ્રસંગે ભરતભાઈ રામોલીયા, જયેન્દ્રસિહ સરવૈયા, કીરણબેન માંકડીયા, રીટાબેન સખીયા, હર્ષાદાબેન પટેલ, રક્ષાબેન જોષી, અશોક જાદવ, શક્તિ રાઠોડ તેમજ કમલેશ સોની, દુષ્યંત ઠક્કર, જેકી કેસરીયા, વિશાલ રાજવીર, જયેશ વસાવડા, પ્રતીક સંઘાણી, બ્રીજેશભાઈ, ચંદુભાઈ ગણાત્રા, મયુરભાઈ રાડિયા, રાજુ ભાઈ કુબાવત, અર્જુનભાઈ રાડીયા સહીતના સ્થાનીક અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.(૧.૭)

શક્તિ સોસાયટીમાં ઈમીટેશનના કારખાનામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

રીક્ષામાં ચોરાઉ માલ વેચવા નિકળતા પોલીસે ચાર શખ્સોને દબોચી લઈ રીક્ષા સહિત રૂ.૧.૨૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો અન્ય બે શખ્સોની શોધખોળ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

મોરબી રોડ પર આવેલા ભગવતી હોલ પાછળ શક્તિ સોસાયટી ઈમીટેશનના કારખાનામાં થયેલી ચોરી તથા વિસ્તારમાં મીલકત વિરોધી ગુના આચરતા શખ્સોને પકડી પાડવા બીડીવીઝન પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન ચાર શખ્સોને ચોરાઉ મુદ્દામાલ સાથે પકડી લઈ ઈમીટેશનની કારખાનામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.

આ અંગેની વિગત મુજબ મોરબી રોડ પર ભગવતી હોલ પાછળ આવેલ શક્તિ સોસાયટીમાં ઈમીટેશનનું કારખાનું ધરાવતા વેપારીએ બી.ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે ગઈ તા.૩૧/૧૦ના કોઈ અજાણ્યા ઈસમો દ્વારા કારખાનાની અંદર પ્રવેશ કરી ઓફિસમાં રાખેલો ઈમીટેશનનો માલ કીમત રૂ.૪૭૦૦૦નો ચોરી કરી ગયા ની ફરિયાદના પગલે બી.ડીવીઝન પોલીસ મંથકના પીઆઈ એમ.બી.ઓસુરાની સુચનાથી પી.એસ.આઈ એમ.એ.ડામોર એ.એસ.આઈ સલીમભાઈ હેડ કોન્સ્ટેબલ અજયભાઈ, મનોજભાઈ, સીરાજભાઈ, હેમેન્દ્રભાઈ, પરેશભાઈ, મિતેશભાઈ, ચાપરાજભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોકકસ બાતમીના આધારે સામાકાંઠે જય જવાન જય કિશાન સોસાયટી પાછળ અવાવરૂ જગ્યાએ ઈમીટેશનનો ચોરાઉ માલ સાથે અમુક શખ્સો રીક્ષામાં લઈને નીકળવાના હોવાની હકીકતના આધારે પોલીસે વોચ ગોઠવી હતી તે દરમ્યાન સી.એન.જી રીક્ષામાં કિશન ભાવેશ ભાવારા, (રહે ગંજીવાડા) અશ્વીન ગોવિંદ લિંબડીયા, શાહરૂખ મુનીરમહમદ કુરેશ, પરેશ મનસુખ પરમાર સહિત ચાર શખ્સોની પોલીસે અટકાયત કરી રીક્ષાની પોલીસે અટકાયત કરી રીક્ષાની તલાસી લેતા તેમાંથી ઈમીટેશનનો ચોરાઉ માલ કિંમત રૂ.૪૭૦૦૦નો મળી આવતા પોલીસે ચારેય શખ્સોની અટકાયત કરી રીક્ષા સહિત કુલ રૂ.૧.૨૨લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો ચોરી કરવામાં અન્ય બે શખ્સો સાગર અને શૈલેષના નામ ખુલતા પોલીસે આ બન્ને શખ્સોની શોધખોળ આદરી છે.

રાજપરડા-ગાંજાવદર, ઉંટિયાને જોડતા માર્ગનું લોકાપર્ણ

ધારાસભ્ય અંબરીશ ડેરના હસ્તે લોકાર્પણ કરી માર્ગ ખૂલ્લો મુકાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજુલા, તા.૨૬

રાજુલા તાલુકાના રાજપરડા, ગાંજાવદર અને ઉંટિયા સહિતનાં ગામોને જોડતાં માર્ગનું નવિનીકરણ કામ થોડા દિવસો પહેલા જ શરૂ થયુ હતું ત્યારે આજરોજ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર, રાજુલા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગાંગાભાઈ હડિયા, પૂર્વ કારોબારી ચેરમેન ભીખાભાઈ પીંજર, હડમતીયા સરપંચ રાણીંગભાઈ પીંજર, ઉંટિયા સરપંચ ભાણાભાઈ લાખણોત્રા, રાજપરડા સરપંચ દાનાભાઈ વાણિયા ઉપસરપંચ ધીરુભાઈ સોલંકી, પીપાવાવ સરપંચ ભાણાભાઈ ગુજરીયા તેમજ કોંગ્રેસ અગ્રણી બાબુભાઈ ડી. વાધ, જોરુભાઈ મેગળ, યુવા આગેવાન અજય શિયાળ, હિતેશ સોલંકી સહિત સ્થાનિક આગેવાનો અરજણભાઈ લાખણોત્રા, રામભાઈ વાધ, આતાભાઈ વાધ, બાબુભાઈ વાધ, ટપુભાઈ લાખણોત્રા, કાનાભાઈ ચૌહાણ, સહિતના સ્થાનિક રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આ નવા બનેલા માર્ગનું શ્રી ફળ ફોડી, રિબીન કાપી, મોઢા મીઠાં કરવામાં આવ્યા હતા. લોકાર્પણ કરી જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ માર્ગ બનતા રાજપરડા ગાંજાવદર અને ઉંટિયા સહિતનાં આસપાસનાં ગ્રામજનો અને વાહનચાલકોને રાહત મળશે.

આ લોકાર્પણ કાર્યક્રમમાં ધારાસભ્ય દ્વારા પોતાના હસ્તે રિબીન કાપવા નાં બદલે ગામનાં વડીલો નાં હસ્તે રિબીન કપાવી હતી ત્યારે જનપ્રતિનિધિ માટે પ્રજા જ પહેલાં હોય છે એનું શ્રેષ્ઠ ઉદાહરણ આપ્યું હતું. બાકી તો ઘણાં આગેવાનો અને નેતાઓ રિબીન કાપવા અને લોકાર્પણ કરવા માટે તલપાપડ થતાં હોય છે.(૧૨.૭)

સુર્યમુખી હનુમાન મંદિર દ્વારા 'મહિષાસુર વધ' નાટક યોજાયુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

સુર્યમુખી હનુમાનજી ગ્રુપ દ્વારા કોરોના મહામારીને ધ્યાનમાં રાખી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૂચનોની થીમ પર મહિષાસુર વધ નાટક સોશિયલ ડીસ્ટન્સ ને ધ્યાનમાં રાખી રજુ કરવામાં આવ્યું.

સરકારના સુચનોનું ઘણાં ખરાં લોકો પાલન નથી કરતા પરંતુ માતાજી પ્રત્યે તેમની આસ્થા તથા શ્રધ્ધાઓ અડગ હોય છે. તેથી માતાજી દ્વારા આ નાટકમાં કોરોનાને ધ્યાનમાં લઈ જાગૃતિ સંદેશ આપવામાં આવ્યો કે જયાં સુધી અમે લોકો કોરોના રૂપી રાક્ષાસનો નાશના કરી ત્યાં સુધી તમામ શ્રધ્ધાળુઓ કોરોના રૂપી રાક્ષાસનો નાશના કરી ત્યાં સુધી તમામ શ્રધ્ધાળુંઓ કોરોના થી બચવા વારમવાર સાબુથી હાથ સાફ કરજો, માસ્ક પહેરજો તથા જરૂર પડે ટેસ્ટ કરાવજો આ આયોજન માણસોને ભેગા કર્યા વગર લાઈવ કરી લોકો સુધી પહોચાડવામાં આવ્યું હતું. આ જાગૃતિ નાટક (કોરોના) આયોજનમાં ખાસ હેતું લોકોમાં જાગૃતિ ફેલાવવાનો હતો. આ નાટકમાં ભાગ લેનારનું થર્મલસ્ટેકેનીગ સેનિટાઈઝ વગેરે બાબતનું પણ ધ્યાન રખાયું હતું.(૧૨.૨)

વડિયાથી બગસરા જતી મોટાભાગની બસો બંધ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વડિયા, તા.૨૬

કોરોના કાળમાં દેશ અને રાજ્યની અર્થવ્યવસ્થા અસ્ત વ્યસ્ત થઇ ગઈ છે. કોરોના સંક્રમણ રોકવા સરકાર દ્વારા ખાનગી અને જાહેર પરિવહન બંધ કર્યું હતુ. અનલોકમાં આ પરિવહનની સુવિધાઓસામાન્ય લોકોને પડતી મુશ્કેલીને ધ્યાને લઇને શરુ કરવામાં આવી. વડિયા એ અમરેલી જિલ્લાનુ છેવાડાનુ તાલુકા મથક છે. જે ત્રણ જિલ્લાની સરહદે આવેલું હોવાથી ત્રણેય જિલ્લા માં અટાણા માટે લોકો જતા હોય છે. વડિયાની ભાગોળે આવેલા બગસરા ડેપોની બસો વડિયા થી રાજકોટ ગોંડલ અને જેતપુરને જોડે છે. હાલ કોરોના પછી વડિયા થી બગસરા જવા માટે સવારે આઠ પછી બાર વાગ્યાં સુધી કોઈ બસની સુવિધાના હોવાથી જે લોકો વડિયા બગસરાની વચ્ચેના ગામડાઓ મોરવાડા, ખાખરીયા, અરજણસુખ, ખાન ખીજડીયા, તોરી, રામપુર, બાલાપુર, નાજાપુર, પીઠડીયા જેવાના લોકોને ખેત પેદાશોના વેચાણ અને જીવન જરૂરી વસ્તુઓની ખરીદી માટે બગસરા જવામાં ખુબ મુશ્કેલી પડે છે. આ ઉપરાંત બગસરા ડેપો દ્વારા જ વડિયા વિસ્તારના રૂટ ઘટાડાતા આ વિસ્તાર પ્રત્યે GSRTC નુ નકારાત્મક વલણ જોવા મળી રહ્યુ છે. જે દૂર કરું હકારાત્મક બની વડિયા થી બગસરાને જોડતી તમામ રૂટ ની બસ સેવા શરુ કરવામાં આવે આ તમામ ગામડાઓ ના લોક દ્વારા માંગણી કરવામાં આવી રહી છે.(૧૨.૮)

કોઠારીયા કોલોનીના કોટેશ્વર મહાદેવ મંદિરે સાંઈબાબાની પુણ્યતિથિ ભક્તિભાવ સાથે ઉજવાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ : કોઠારીયા કોલોનીના આસ્થા પ્રતીક સમા કોટેશ્વર મહાદેવ મંદિરે વિજયા દશમીના શુભદિને સાંઈબાબાની પુણ્યતિથિ ભક્તિભાવ સાથે ઉજવાઈ સાંઈબાબાની મહુલી ખાતે પૂજન-અર્ચન, મહાઆરતી, શણગાર-દર્શન યોજાયા સાંઈબાબાની ભક્તિવંદના કરતા કોટેશ્વર મંદિરના રશ્વીનભાઈ જાદવ, પરેશભાઈ કારીયા, હિતેશભાઈ મીસ્ત્રી, રસીકગીરી બાપુ(અતીત) દ્રશ્યમાન પાપ છે.

આ સાથે કોટેશ્વર મંદિરના વિક્રમસિંહ જાડેજા,(શિવ ઉપાસક), મહેન્દ્રસિંહ જાડેજા, બટુકસિંહ જાડેજા, હિતેષાસોલંકી, સીધ્ધરાજ સિંહ પી.જાડેજા, શનિ જાદવ, ક્રિપાલસિંહ જાડેજા, જય આસોડીયા સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

ભારતીય સૈન્ય દ્વારા એક લાખ બાવીસ હજારની રકમનું ઈનામ

સધર્ન કમાન્ડ દ્વારા ઓપન ઓનલાઈન સ્પર્ધાનું આયોજન

'ભારતીય સૈન્ય વિવિધતામાં એકતાનું પ્રતીક' થીમ પર સ્લોગન લેખન, વીડિયો મેકિંગ, ફોટોગ્રાફી અને ચિત્રકામ સહિત ચાર પ્રકારની સ્પર્ધા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૨૬

પૂણે સ્થિત સધર્ન કમાન્ડ દ્વારા, એક ઓપન ઓનલાઇન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નભારતીય સૈન્ય: વિવિધતામાં એકતાનું પ્રતીકથ થીમ રાખવામાં આવી છે. આ સ્પર્ધા વિવિધ વયજૂથની શ્રેણીઓમાં તમામ લોકો માટે ખુલ્લી છે. જેમાં ભારતીય સૈન્ય દ્વારા કુલ રૂપિયા એક લાખ બાવીસ હજારની રકમ ઇનામ પેટે આપવામાં આવશે તેમજ તમામ વિજેતાઓને મેરિટ પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

આ સ્પર્ધાની વિગતો સધર્ન કમાન્ડના ફેસબુક પેજ "SouthernCommand.IndianArmy' અને ટ્વીટર હેન્ડલ "IaSouthern' પર પણ મૂકવામાં આવી છે. સ્લોગન લેખન, વીડિયો મેકિંગ, ફોટોગ્રાફી અને ચિત્રકામ એમ ચાર પ્રકારની સ્પર્ધા અલગ-અલગ વયજૂથના સ્પર્ધકો માટે રાખવામાં આવી છે. વીડિયો, ફોટોગ્રાફ, ચિત્રકામ અને સ્લોગનને સધર્ન કમાન્ડના ફેસબુક પેજ પર અપલોડ કરવાના રહેશે અથવા sconlinecompgmail.com ઈમેલ આઇડી પર મોકલવાના રહેશે તેમજ સાથે સ્પર્ધકનો મોબાઇલ નંબર અને આધારકાર્ડ/ ઉંમરના પૂરાવાની નકલ મોકલવાની રહેશે. પૂણે સ્થિત સધર્ન કમાન્ડના વડામથક દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ઓપન ઓનલાઇન સ્પર્ધાનું આયોજન કરવાનો મૂળ ઉદ્દેશ આપણા રાષ્ટ્રમાં રહેલા વ્યાપક કૌશલ્યને પોષવાનો અને તેને બહાર લાવવાનો છે અને લોકોને આ ઓનલાઇન સ્પર્ધામાં સક્રિયપણે ભાગ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધા માટે એન્ટ્રી મોકલવાની શરૂઆત થઇ ગઇ છે અને ૧૦ ડિસેમ્બરના રોજ તે બંધ થશે. આ સ્પર્ધાના પરિણામો ૧૬ ડિસેમ્બરના રોજ વિજય દિવસના પ્રસંગે સધર્ન કમાન્ડના ફેસબુક પેજ પર તેમજ ટ્વીટર હેન્ડલ પર જાહેર કરવામાં આવશે.(૧૨.૨૪)

માણાવદર તાલુકાના ૫૫ ગામડા-બે શહેરો વચ્ચે એક માત્ર હોસ્પિટલ

સ્ત્રીરોગ નિષ્ણાંત ન હોવાથી ડોકટરની નિમણૂંક કરવા આરોગ્ય મંત્રીને રજૂઆત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૨૬

માણાવદર તાલુકાના ૫૫ ગામડાઓ અને બે શહેરો વચ્ચે આવેલ એક માત્ર સરકારી હોસ્પિટલમાં સ્ત્રીરોગ નિષ્ણાંત ડોકટર જ નથી મહિલા રોગના તબીબ ન હોવાથી પ્રસુતિ વખતે મહિલાઓને ખુબજ તકલીફ પડે છે. આ ઉપરાંત આ દવાખાનામાં બાળરોગ નિષ્ણાંત તેમજ હાડકાં ના સર્જન ની જગ્યાઓ પણ ખાલી પડી છે.

આ ખાલી પડેલી જગ્યાઓ ઉપર તાત્કાલિક ડોક્ટરોની નિમણુંક કરવા માટે શ્રી માધવ કેડીટ કો.ઓ.સોસાયટી લી.ના ચેરમેન જીજ્ઞેશભાઇ છૈયા એ આરોગ્ય મંત્રી કુમારભાઇ કાનાણી ને એક આવેદનપત્ર પાઠવી રજૂઆત કરેલ છે. માણાવદર શહેરમાં ૫૫ બેડની સિવીલ હોસ્પિટલ આવેલી છે અને આ હોસ્પિટલમાં ડોકટરોના મંજૂર થયેલ મહેકમ પૈકીની ઘણી જગ્યાઓ ખાલી છે. તેમજ માણાવદર તાલુકા અને આજુબાજુના વિસ્તારમાં તાત્કાલિક સારવાર માટેની આ એક જ હોસ્પિટલ આવેલી હોય માણાવદર અને બાંટવા શહેર તથા આસપાસના ૫૦ જેટલા ગામડાઓના લોકોને ડોક્ટર ન હોવાથી સમયસર સારવાર મળી શકતી નથી તેમજ પ્રસુતિના કેસો, અકસ્માતના કેસો, જૂનાગઢ શહેરમાં રીફર કરવામાં આવે છે.

જીજ્ઞેશ છૈયા એ વધુમાં જણાવ્યું છે કે પંચાવન બેડની હોસ્પિટલ હોવા છતા ડોક્ટરો ન હોવાથી આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ઘણા બોજ સહન કરવા પડે છે. અને બહારગામની હોસ્પિટલમાં સારવાર લેવા જવું પડે છે જે મધ્યમ વર્ગના લોકોને પોસાય નહી જેથી માણાવદર સરકારી હોસ્પિટલમાં તાત્કાલિક ડોક્ટરોની નિમણુંક કરવા આપ સાહેબ ને અમારી માનસર અરજ છે.(૧૨.૪)

જિનશાસનના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાશે એક અદભૂત સંયમ સંમતિ અવસર ગરવા ગિરનારની ધન્ય ધરા પર

નવ-નવ આત્માઓના સંસાર ત્યાગનો અવસર યોજાયો

ક્વેસ્ટ ફાઉન્ડેશનના અજય શેઠ દ્વારા 'મા કા પ્રસાદ' આયોજન અંતર્ગત ૫૧૦૦૦ ગરીબ પરિવારોને મીઠાઈ વિતરણ

શાસનના શરણે સંતાનને અર્પણ કરનારા માતા-પિતા દીક્ષાર્થીઓ કરતાં પણ મહાત્યાગ કરી રહ્યાં છેઃ નમ્રમુનિ મ. સા.

રાજકોટ,તા.૨૬

પ્રભુ નેમના સથવાર ગિરનારે થવું અણગારના ઉત્કૃષ્ટ વૈરાગ્ય ભાવો સાથે, ૩૬ આત્માઓના સંયમ પ્રદાતા એવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના ચરણમાં આજીવન સમર્પિત થઈને જૈન દીક્ષા અંગિકાર કરવા થનગની રહેલાં આઠ-આઠ આત્માઓના માતા પિતાએ અર્પણ કર્યો સંયમ સંમતિ પત્ર. જિનશાસનમાં એક ઐતિહાસિક ઘટનાનું સર્જન થયું જ્યારે મુમુક્ષુઓના વૈરાગ્ય ભાવો અને માતા પિતાના નિસ્વાર્થતાના ભાવોને નિહાળી સંયમ ઝંખતા એકઓર મુમુક્ષુના માતા પિતાએ એકાએક સ્વયંના સંતાનને સંયમની સંમતિ અર્પણ કરી. સંયમની અનુમતિ મળતા સર્વત્ર હર્ષનાદ ગુંજી ઉઠ્યો અને કુલ નવ નવ આત્માઓના સંસાર ત્યાગના અવસર યોજાયા.

દશેરાના પાવન દિવસે, ગિરનારની ધન્ય ધરા પર મુમુક્ષુ ફેનિલકુમાર જિગ્નેશભાઈ અજમેરા (રાજકોટ), મુમુક્ષુ શ્રેયમબેન તરુણભાઈ ખંધાર (મુંબઈ), મુમુક્ષુ નિરાલીબેન તરુણભાઈ ખંધાર (મુંબઈ), મુમુક્ષુ એકતાબેન અશ્વિનભાઈ ગોસલીયા (મુંબઈ), મુમુક્ષુ અલ્પાબેન મનોજભાઈ અજમેરા (મુંબઈ), મુમુક્ષુ આયુષીબેન નિલેશભાઈ મેહતા (મુંબઈ), મુમુક્ષુ નિધિબેન કમલેશભાઈ મડીયા (મુંબઈ), મુમુક્ષુ દીયાબેન કલ્પેશભાઈ કામદાર (રાજકોટ) તેમજ મુમુક્ષુ મિશ્વાબેન નીતિનભાઈ ગોંડા (રાજકોટ) એમ કુલ નવ આત્માઓનો સંયમ સંમતિ અવસર ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં લાઈવ પ્રસારણના માધ્યમે દેશ - વિદેશના હજારો હજારો ભાવિકો તેમજ અનેક અનેક સંત - સતીજીઓની સાક્ષીમાં અત્યંત ઉત્સાહભાવો સાથે સંપન્ન થયો.

સમગ્ર સંસારનો ત્યાગ કરીને પ્રભુ પંથે પ્રયાણ કરી રહેલાં મુમુક્ષુઓની તેમજ એમના માતા - પિતાની ત્યાગ ભાવનાની પ્રશસ્તિ કરીને બોધ વચન ફરમાવતાં પરમ ગુરુદેવે કહ્યું હતું કે, મુમુક્ષુતાને સર્જવા માત્ર પ્રવચન કારણભૂત નથી બનતા પરંતુ અંતરના અવાજ સાથે આત્મકલ્યાણના ભાવ સર્જાય ત્યારે મુમુક્ષુતાનું પ્રાગટ્ય થતું હોય છે.

થોડીક પ્રતિકૂળતા આવે અને ડગી જાય એવા નબળા મનવાળા માટે સંયમ કદી હોતો જ નથી. જ્યાં કોઈની લાગણી ન હોય, જ્યાં સંબંધોની પરવા ન હોય, જ્યાં મોહ છૂટી જાય ત્યાં જ મુમુક્ષુતા પ્રગટ થતી હોય છે. જ્યારે સ્વાર્થ છૂટે છે ત્યારે જ સંયમનો પ્રારંભ થતો હોય છે. ધન્ય હોય છે તે માતા - પિતા જે પોતાની ઈચ્છા અને સ્વાર્થને ત્યજીને પોતાના સંતાનને શાસનના શરણે અર્પણ કરીને મહાત્યાગ કરતાં હોય છે. મુમુક્ષુ ફેનિલભાઈએ આ અવસરને પોતાના બાળપણના પ્રભુવેશ ધારણ કરવાના સ્વપન સાકારની ક્ષણ તરીકે ઓળખાવીને કહ્યું હતું કે, પરમ ગુરુદેવના વચનોનું શ્રવણ કરતાં જીવનમાં વ્યર્થ શું અને અર્થરૂપ શું એ સત્ય સમજાઈ ગયું. આત્મિક ગુણોની વૃધ્ધિ તે જ માનવભવની સાર્થકતા છે તે સત્ય સમજાઈ ગયું. ગોંડલ સંપ્રદાયમાં આઠ આઠ આત્મઓના થનારા પ્રવેશ પર ભાવોની અભિવ્યક્તિ કરતાં આ અવસરે પ્રવિણભાઈ કોઠારીએ મુમુક્ષુઓને લાખ - લાખ ભાવવંદન કર્યા હતા. જૂનાગઢ સંઘના વજજુભાઈ દામાણીના અહોભાવ અભિવ્યક્તિ બાદ સંયમભાવોના દિવ્ય વાતાવરણ વચ્ચે મિશ્વાબેન ગોંડાના માતા પિતાએ તેઓના સંયમ ગ્રહણ કરવાના ઉત્કૃષ્ટ ભાવોને સ્વયંની મંજૂરી અર્પણ કરી. મુમુક્ષુ મિશ્વાબેન નીતિનભાઈ ગોંડાએ ગિરનારની જ આ ધરા પર પરમ ગુરુદેવના યોગે પામેલી આત્મજાગૃતિની ક્ષણોને યાદ કરીને પોતાની સંયમગ્રહણની તાલાવેલીના દર્શન કરાવતા સર્વત્ર હર્ષનાદ સહ ભાવિકોએ પ્રભુનેમના પવિત્ર સ્પંદનોની જાણે સાક્ષાત અનુભૂતિ કરી હતી. દીક્ષાર્થીઓના ધર્મ માતા પિતા સ્વરૂપે ઉર્વીબેન ચિંતનભાઈ શાહ પરિવાર (મલાડ), કાજલબેન મિતેશભાઈ ગાંઠાણી (કોલકત્તા), પ્રિયંકાબેન ચિરાગભાઈ શાહ (કોલકત્તા), અનિલાબેન દિલીપભાઈ ધોળકીયા (દિલ્હી), અપેક્ષાબેન પિયુષભાઈ મોદી (ઘાટકોપર), સ્મિતાબેન અનિલભાઈ અજમેરા (અમદાવાદ), પૂનમબેન જયેશભાઈ ભરવાડા (રાજકોટ), હેતલબેન સંજયભાઈ શેઠ (રાજકોટ) તેમજ શિલ્પાબેન સંજયભાઈ સંઘવી (ઘાટકોપર) એ સંયમ અનુમોદના કરેલ.

દરેક દીક્ષાર્થીઓના કરકમલમાં અત્યંત ઉત્સાહ અને અહોભાવ સાથે રજત શ્રીફળ અર્પણ કરવાનો લાભ લઈને સ્નેહાબેન હિતેનભાઈ મહેતા પરિવાર ધન્ય બન્યો હતો.એક સાથે નવ- નવ આત્માઓના કલ્યાણ સ્વરૂપ ભગવતી જૈન દીક્ષા મહોત્સવના તા: ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૧, ના મંગલમય મુહૂર્તની પરમ ગુરુદેવે ઉદ્ઘોષણા કરતાં સહુએ આનંદના વધામણા કર્યા હતાં. સંયમ ધર્મ અને મુમુક્ષુઓની અનુમોદના કરવા આ અવસરે, મોરારીબાપુની પધરામણી સાથે જૂનાગઢ સંઘના પ્રોફેસર દામાણી સાહેબ, સુરેશભાઈ કામદાર સંઘના સાહેબ આદિ મહાનુભાવો વિશેષ ભાવો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

ક્વેસ્ટ ફાઉન્ડેશનના ધર્મવત્સલા બીનાબેન અજયભાઈ શેઠ પરિવાર તરફથી રૂ.૫૧ લાખના અનુદાનની સાથે આયોજિતમા કા પ્રસાદ અભિયાનમાં દેશ - વિદેશના હજારો ભાવિકોએ માતબર અનુદાન અર્પણ કરીને ૫૧૦૦૦થી વધુ ગરીબ પરિવારોમાં મીઠાશ પ્રસરાવતી માનવતાના દર્શન કરાવ્યા હતાં. અનુદાન અર્પણ કરનારાઓમાંથી નવ ભાવિકોના નામ દીક્ષાર્થીઓના શુભ હસ્તે લક્કી ડ્રો દ્વારા સિલેક્ટ કરવામાં આવતાં તેમને દીક્ષાર્થીઓના હસ્તે મંગલ કલશ અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંતમાં વિજયાદશમીના પાવન અવસરે ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય જયંતમુનિ મહારાજ સાહેબની ૯૯મી જન્મજયંતિ નિમિત્તે એમને યાદ કરી અમેરિકાના ભાવિકો તરફથી પેટરબાર સ્થિત ચક્ષુ ચિકિત્સાલય અર્થે રૂપિયા ૧૧ લાખનું અનુદાન જાહેર કરવામાં આવતાં જયકાર વર્તાયો હતો.(૧.૪)

મારામારીના ગુનામાં ત્રણ વર્ષથી નાસતા ફરતા બે શખ્સો ઝડપાયા

લક્ષ્મીનગરના નાળા પાસેથી માલવીયાનગર પોલીસે બન્ને શખ્સોને દબોચી લઈ કબજો ગાંધીગ્રામ પોલીસને સોપ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી મારામારીના ગુનામાં ૩૭૧ નામ હોવાના કારણે છેલ્લા ત્રણ વર્ષથી પોલીસથી નાસતા ફરતા બે શખ્સોને માલવીયાનગર પોલીસે લક્ષ્મીનગરના નાળા પાસેથી દબોચી લઈ કબજો ગાંધીગ્રામ પોલીસને સોપ્યો હતો. આ અંગેની વિગત મુજબ માલવીયાનગર પોલીસ મંથકના પીઆઈ કે.એન. ભુકણની સુચનાથી પી. એસઆઈ વી.કે. ઝાલા, હેડ કોન્સ્ટેબલ મસરીભાઈ, ભાવેશભાઈ, હરપાલસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓની શોધખોળ કરતા હતા. ત્યારે લક્ષ્મીનગર નાળા પાસે નાના મવા રોડ પર મીલન ઉર્ફે એમ્મકે. તથા અસ્લમ નામના બે શખ્સોને દબોચી લઈ તપાસ કરતા નાના મવા સર્કલ પાસે આરએમસી ક્વાર્ટરમાં રહેતો અસ્લમ ભીખુ સમા તથા મહાવીર પાર્કમાં નીર્મલા કોન્વેન્ટ રોડ પર રહેતો મીલન ઉર્ફે એમ્મકે. સંજય ખખ્ખર નામના બન્ને શખ્સો અગાઉ ત્રણ વર્ષ પહેલા ગાંધીગ્રામ પોલીસમાં મારામારીના ગુનામાં નાસતા ફરતા હોય બન્ને શખ્સોના એફ.આઈ.આરમાં ૩૭૧ નામ હોવાથી તેનો લાભ લઈ બન્ને શખ્સો ત્રણ વર્ષથી પોલીસથી ભાગતા ફરતા હોય માલવીયાનગર પોલીસે બન્ને શખ્સોની અટકાયત કરી કબજો ગાંધીગ્રામ પોલીસને સોપ્યો હતો.

આસ્થા ચોકડી પાસે ચોરાઉ બાઈક સાથે શખ્સ ઝડપાયો

ક્રાઈમ બ્રાંચના પીઆઈ વી.કે. ગઢવીની સુચનાથી પીએસઆઈ વી.જે. જાડેજા,એ.એસઆઈ જયેશભાઈ,રાજદીપસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે આસ્થા ચોકડી પાસે આવેલા માધવ પાર્કમાં મહેશ સવજી સરધારા (રહે. સ્વાતી પાર્ક સત્યમ કોમ્પલેક્ષ) નામના શખ્સને ચોરાઉ બાઈક સાથે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

પ્રભુ નેમના સથવાર ગિરનારે થવું અણગારના ઉત્કૃષ્ટ વૈરાગ્ય ભાવો સાથે, ૩૬ આત્માઓના સંયમ પ્રદાતા એવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના ચરણમાં આજીવન સમર્પિત થઈને જૈન દીક્ષા અંગિકાર કરવા થનગની રહેલાં આઠ-આઠ આત્માઓના માતા પિતાએ અર્પણ કર્યો સંયમ સંમતિ પત્ર. જિનશાસનમાં એક ઐતિહાસિક ઘટનાનું સર્જન થયું જ્યારે મુમુક્ષુઓના વૈરાગ્ય ભાવો અને માતા પિતાના નિસ્વાર્થતાના ભાવોને નિહાળી સંયમ ઝંખતા એકઓર મુમુક્ષુના માતા પિતાએ એકાએક સ્વયંના સંતાનને સંયમની સંમતિ અર્પણ કરી. સંયમની અનુમતિ મળતા સર્વત્ર હર્ષનાદ ગુંજી ઉઠ્યો અને કુલ નવ નવ આત્માઓના સંસાર ત્યાગના અવસર યોજાયા.

દશેરાના પાવન દિવસે, ગિરનારની ધન્ય ધરા પર મુમુક્ષુ

ગુજરાતની સરકારી લો કોલેજો એડમીશન આપી શકશે

ગુજરાતના સરકારી લો કોલેજના વિદ્યાર્થીનું વર્ષ બગડે નહીં તે માટે દિલીપ પટેલની સફળ રજુઆત

(સૌરાષ્ટ્ર કાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

બાર કાઉન્સીલના પુર્વ ચેરમેન અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના મેમ્બર દીલીપ પટેલ હંમેશા વકીલો અને લો કોલેજના વિદ્યાર્થીની ચીંતા કરતા આવેલ છે.

ગુજરાતની સરકારી લો કોલેજો ઓછી ફી થી વિદ્યાર્થીને અભ્યાસ કરાવતી હોય છે પરંતુ બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના સરક્યુલર મુજબ દરેક લો કોલેજમા ફુલ ટાઈમ ૮-પ્રોફેસર અને ૧૬-આચાર્ય હોવા જરૂરી છે. હાલ સમગ્ર વિશ્વમા અને ભારતમા કોરોના મહામારી ચાલતી હોય.સરકારી લો કોલેજમાં સરકાર પ્રક્રિયા મુજબ ગુજરાતની લો કોલેજોમાં ઘટના પ્રોફેસર અને આચાર્યની ભરતી પ્રક્રિયા થઈ શકે તેમ ન હોય, ભરતી પ્રક્રિયામાં ખુબ જ લાંબો સમય જાય તેમ હોય, તેથી વિદ્યાર્થીનુ વર્ષ બગડે તેમ હોય, તે પરિસ્થિતિ અંગે ગુજરાતની લો કોલેજના લોકો દીલીપ પટેલને રજૂઆત કરેલી હતી.

આ સમગ્ર હકીકત બાર કાઉન્સીલ ઓફ ગુજરાત ચેરમેન મનનકુમાર મીશ્રાને દીલીપ પટેલે વિદ્યાર્થીના ભવિષ્યને ધ્યાને લઈ બાંધ છોડ કરવા રજૂઆત કરેલ હતી.

બાર કાઉન્સીલની જનરલ કાઉન્સીલની મીટીંગમાં આ પ્રશ્ન અને હકીકત ધ્યાને લઈ દરેક કોલેજોને વિદ્યાર્થીને એડમીશન આપવા મંજુરી આપેલ છે તેમજ દરેક લો કોલેજોએ બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયામાં હાલની સ્થિતિ અંગે એફ્રૂવલ પત્ર થી લેવી પડશે તેમ અનુમતી આપેલ હતી.(૧૨.૨૫)

મીલકતમાં ભાગ આપવા પ્રશ્ને સગા ભાઈનો ભાઈ પર હુમલો

જસદણના ભંડારીયા ગામનો બનાવઃ કપુતે પિતા પર ધોકા વડે હુમલો કરતા વચ્ચે પડતા ભાઈને માથામાં ધોકો માર્યો

(સૌરાષ્ટ્ર કાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

જસદણના ભંડારીયા ગામે મીલકતના ભાગ મેળવવા બાબતે સગા ભાઈએ ભાઈ અને પિતા પર હુમલો કરી માથામાં ધોકો મારી ઈજા કરતા ભાડલા પોલીસમાં ભાઈએ ભાઈ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની વિગત મુજબ જસદણના ભંડારીયા ગામે રહેતા ગોકળભાઈ રાધવભાઈ મકવાણા(ઉ.વ.૩૦) નામના કોળી યુવાને ભાડલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.કે તેના સગાભાઈ દેવશી રાધવજીભાઈ મકવાણા એ ગઈ કાલે મિલકતના ભાગની માંગણી કરી તેના પિતા રાધવજીભાઈ સાથે ઝધડો કરી ધોકા વડે માર મારવા જતા ગોકળભાઈ વચ્ચે પડતા તેના માથામાં ધોકો મારી ઈજા કરી નાસી જતા યુવાનને સારવારમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ બનાવ અંગેની જાણ ભાડલા પોલીસમાં કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ વલ્લભભાઈ બાવળીયા એ પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

વોર્ડ નં.૧૪માં સી.સી. કામ તથા પેવિંગ બ્લોક નાખવાની કામગીરી શરૂ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

શહેરમાં વોર્ડ નં.૧૪માં લક્ષ્મીવાડી મેઈન રોડ, કોઠારીયા કોલોની, લક્ષ્મીવાડી ક્વાર્ટર વિસ્તાર, લક્ષ્મીવાડીની જુદી જુદી શેરીઓ તથા હાથીખાના વિસ્તારની શેરીઓમાં સી.સી.કામ તથા પેવિંગ બ્લોક નાખવાનું કામ શહેર ભાજપ મંત્રી જ્યોત્સનાબેન હળવદીયાના હસ્તે શરૂ કરવામાં આવેલ છે. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર ઉદયભાઈ કાનગડ, પૂર્વ મેયર અને કોર્પોરેટર ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, કોર્પોરેટર વર્ષાબેન રાણપરા તથા કિરણબેન સોરઠીયા, પ્રભારી નિલેશભાઈ જલુ, વોર્ડ પ્રમુખ અનીશભાઈ જોષી, વોર્ડ મહામંત્રી નરેન્દ્રભાઈ કુબાવત તથા વિપુલભાઈ માંખેલા, આ વિસ્તારના કાર્યકરો રાજેશભાઈ ટાંક, હરીભાઈ ચૌહાણ, દિલીપભાઈ સોલંકી, વીરભદ્રસિંહ જાડેજા, નટવરસિંહ સરવૈયા, રવિરાજ રાઠોડ, જયપાલસિંહ જાડેજા, ચેતનભાઈ સોલંકી, રસીલાબેન રાઠોડ સહીત બહોળી સંખ્યામાં કાર્યકરો તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.(૧.૫)

નાગપુર ખાતે સરસંઘચાલક પ. પૂ. મોહન ભાગવતજીનું ઉદબોધન

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

કોરોના મહામારી ને કારણે આપણે ઘણા ઓછા ઉત્સવો મનાવી રહ્યા છીએ. ગત માર્ચ માસ થી વિશ્વભર ની ઘટનાઓ પર કોરના હામારીની ઘટનાનો પ્રભાવ છવાઈ ગયો છે. અલબત ઘણી મહત્વ ની ઘટના આકાર લેવા પામી.જેવીકે સંસદીય પ્રક્રિયાથી ૩૭૦ કલમને અપ્રભાવી બનાવવી, શ્રીરામ જન્મભૂમી પર સુપ્રીમ કોર્ટ નો સ્પષ્ટ, ઐતહાસિક ચુકાદો આપવો.જેને જનતાએ સંયમ અને પૂર્ણ સમજદારી દર્શાવી સ્વીકાર્યો. જેનું ભૂમિપૂજન પણ સંયમિત હર્ષોલ્લાસથી, પવિત્ર સ્નેહપૂર્ણ વાતાવરણ સમ્પન થયું. નાગરિકતા અધિનિયમ સંશોધન પૂર્ણ પ્રક્રિયાથી કાનુન બન્યો જેનો હેતુ કેટલાક પડોશી દેશોમાં સાંપ્રદાયિક ત્રાસ આપી વિસ્થાપિત કરેલા બંધુઓ જે ભારત આવશે તેને માનવતાને નજર રાખી શીઘ્ર નાગરિકતા આપવાનો છે.જે જોગવાઈઓ પહેલા થી છે આ સંશોધન કોઈ સમ્પ્રદાય વિશેષનો વિરોધ કરતું નથી. આમ છતાં મુસલમાન ભાઈઓના મન માં સંખ્યા મર્યાદા કરવાનો ભય ઉભો કરી હિંસા, ભડકાવ ઈરાદા વાળા તત્વો એ તક જડપી ઉન્માદ જગાવ્યો જેનું વૈચારિક સમાધાન લાવીએ તે પહેલા કોરોના આવી ગયો.

પરંતુ, જે તત્પરતા શાસને, પ્રશાસને દાખવી સામાન્ય જનતાને જાગરુક કરી.ત્વરિત ઉપાયો સૂચવ્યા , ને જનતાએ પણ પૂર્ણ જાગરૂકતા દશાર્વી, બતાવેલા ઉપાયોનો અમલ કર્યો તેના થી મહામારીની વિનાશક અસરની અન્ય દેશોની સરખામણી એ ઓછી દેખાય છે સુરક્ષા, સફાઈ, સેવાના કામમાં જોડાયેલા કર્મચારીઓ સ્વયમ કોરોનાના ચેપનું જોખમ ઉઠાવી, પરિવારથી દુર રહી દિવસ રાત સેવા કાર્યમાં રત રહ્યા છે . ક્યાંક ક્યાંક પરિસ્થિતિનો લાભ ઉઠાવવાની વૃતિ દેખાઈ.

પણ વિશાળ નજરે જોતશાસન પ્રશાસન, જનતા વચે સહયોગ, સહ સપ્ટેદના, સહનશીલતા નું દર્શન થયું. માતૃ શક્તિની સ્વપ્રેરણા દેખાઈ.મહામારીથી પીડીત વિસ્થાપિત પરિવારોએ પોતાની રોજગારી, વેતન વ્યવસ્થા બંધ થઈ તેવામાં પણ ઘણી સહનશીલતા ધૈર્ય બતાવ્યા . ક્યાંક તો, આવા કઠીન જોગને ભૂલી અન્યને મદદ કરવાના બનાવો નોંધાયા. વિસ્થાપિતો ના યાત્રા પથમાં જમવાનું રહેવાનું, ઘેર અનાજ પહોચાડવાનું, વગેરેમાં સમાજની એકજુટતા, સંવેદના ઉભરી આવી. તો સ્વચ્છતા, સ્વાથ્ય તથા રોગ પ્રતિરોધકતા વધારવા માટેના પરમ્પરાગત ઉપાયો, આયુર્વેદ વગેરે ઉપયોગી સાબિત થયા. આપણા સમાજની એકરસતા, શીલ, સહજ કરુણા, સમ સંકટમાં પરસ્પરના સહયોગના સંસ્કાર વગેરે જેવી ન સોસ્યલ કેપિટલ, સાસ્કૃતિક સ્તવનો સુખદ પરિચય થયો.(૧૨.૨૬)

આરોપીએ ફરિયાદીને આપેલ ચેક રીટર્ન થતા કોર્ટમાં ફરિયાદ

પુનિત સંઘાણીએ ઘુઘા સુસરાને પોતાના ધંધાના વિકાસ અર્થે નાણાકીય મદદ કરેલ

(સૌરાષ્ટ્ર કાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

રાજકોટમાં રહેતા પુનિતભાઈ બીપીનભાઈ સંઘાણીએ ઘુઘાભાઈ નાથુભાઈ સુસરાને પોતાના ધંધાના વિકાસ અર્થે નાણાકીય જરૂરિયાત હોય, ફરિયાદી પુનિતભાઈ બીપીનભાઈ રુધ્વની પાસે હાથ ઉછીના નાણાની માંગણી કરતા ફરિયાદીએ રૂ. ૫ લાખ પુરા કટકે-કટકે જરૂરિયાત મુજબ આપેલ હતા.

બાદમાં ફરિયાદીએ આરોપી પાસે પોતાના રૂપિયાની માંગણી કરતા આરોપીએ ફરિયાદીને રૂ. ૫ લાખ ચુકવવા ચેક આપેલો જે ચેક ફરિયાદીએ પોતાના ખાતામાં જમા કરાવતા એકાઉન્ટ ક્લોઝના શેર સાથે પરત થયો હતો. ચેક પરત ફરતા ફરિયાદીએ પોતાના વકીલ મારફત આરોપીને લીગલ નોટિસ મોકલેલી જે નોટિસ આરોપીને મળી ગયેલ હોવા છતાં આરોપી ઘુઘાભાઈએ પુનિતભાઈને કોઈ જ રકમ ચૂકવી ન હતી. તેથી પુનિતભાઈએ આરોપી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી હતી.

આ કામ માટે ફરિયાદી પુનિતભાઈ વતી રાજકોટના ધારાશાસ્ત્રી તુષાર બસલાણી, માનીશ કોટક, એઝાઝ જુણાચ, અલી અસગર ભારમલ વગેરે વકિલો રોકાયેલા હતા.(૧૨.૨૮)

પેવિંગ બ્લોક નાખવાની કામગીરી શરૂ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

શહેરમાં વોર્ડ નં.૧૪માં લક્ષ્મીવાડી મેઈન રોડ, કોઠારીયા કોલોની, લક્ષ્મીવાડી ક્વાર્ટર વિસ્તાર, લક્ષ્મીવાડીની જુદી જુદી શેરીઓ તથા હાથીખાના વિસ્તારની શેરીઓમાં સી.સી.કામ તથા પેવિંગ બ્લોક નાખવાનું કામ શહેર ભાજપ મંત્રી જ્યોત્સનાબેન હળવદીયાના હસ્તે શરૂ કરવામાં આવેલ છે. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર ઉદયભાઈ કાનગડ, પૂર્વ મેયર અને કોર્પોરેટર ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, કોર્પોરેટર વર્ષાબેન રાણપરા તથા કિરણબેન સોરઠીયા, પ્રભારી નિલેશભાઈ જલુ, વોર્ડ પ્રમુખ અનીશભાઈ જોષી, વોર્ડ મહામંત્રી નરેન્દ્રભાઈ કુબાવત તથા વિપુલભાઈ માંખેલા, આ વિસ્તારના કાર્યકરો રાજેશભાઈ ટાંક, હરીભાઈ ચૌહાણ, દિલીપભાઈ સોલંકી, વીરભદ્રસિંહ જાડેજા, નટવરસિંહ સરવૈયા, રવિરાજ રાઠોડ, જયપાલસિંહ જાડેજા, ચેતનભાઈ સોલંકી, રસીલાબેન રાઠોડ સહીત બહોળી સંખ્યામાં કાર્યકરો તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.(૧.૫)

સેટેલાઈટ ચોક અને ભગવતીપરા પાસે દારૂની ૪૧ બોટલ સાથે બે ઝડપાયા

રાજલક્ષ્મી સોસાયટીમાં ૩૫ દારૂના ચપલા સાથે શખ્સ પકડાયો

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

મોરબી રોડ પર આવેલા સેટેલાઈટ ચોક પાસે સ્વીફ્ટ ડીઝાયર કારમાં દારૂની ૨૯ બોટલ તથા ભગવતીપરા પાસે બાયપાસ રોડ પર ૧૨ બોટલ દારૂ સાથે બી.ડીવીઝન પોલીસે બે શખ્સોની ધરપકડ કરી રૂા.૪.૬૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ બી.ડીવીઝન પોલીસના પીઆઈ એમબી.ઔસુરાની સુચનાથી પી.એસઆઈ એમ.એફ.ડામોર, એ.એસ.આઈ એસ.એમ.માડમ, કોન્સ્ટેબલ અજયભાઈ, મનોજભાઈ, હેમેન્દ્રભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે મોરબી રોડ પર આવેલા યોગી પાર્કમાં સેટેલાઈટ ચોક પાસે રહેતો વલ્લભ પોપટ સાંગાણી(ઉ.વ.૫૭) નામનો શખ્સ વિદેશીદારૂનો ૨૯ બોટલ જંગ કિંમત રૂા.૫૮૦૦૦ નો લઈ પોતાની સ્વીફ્ટ ડીઝાયર કારમાં નિકળતા પોલીસે તેને સેટેલાઈટ ચોક પાસેથી દબોચી લઈ રૂા. ૪.૫૮૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી જ્યારે અન્ય એક બનાવમાં મોરબી રોડ પર વેલનાથપરામાં રહેતો મયુર કાનજી સરવૈયા નામનો શખ્સ વિદેશીદારૂની ૧૨ બોટલ કિંમત રૂા. ૪૮૦૦ ની લઈ ભગવતીપરા પાછળ બાયપાસ રોડ પરથી નીકળતા પોલીસે શખ્સને ઝડપી લઈ રૂા.૨૯૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે જ્યારે રાજલક્ષ્મી સોસાયટીમાં મોરબી રોડ પર પારસ મોહન સોલંકી નામના શખ્સ વિદેશીદારૂના ૩૫ ચપલા કિંમત રૂા. ૩૫૦૦ લઈ નીકળતા પોલીસે દબોચી લઈ દારૂ કબજે કર્યો છે.

મીઠાપુરમાં મામા સાહેબના મંદિરે દીવડાઓનો અલભ્ય શણગાર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

મીઠાપુર, તા.૨૬ : ઓખામંડળ તાલુકાના મીઠાપુર નજીક આવેલા હનુમાન સોસાયટીમાં મામાસાહેબના મંદિરે નવરાત્રી નિમિત્તે અલગ જ શણગાર કરવામાં આવ્યો હતો. તેમાં મંદિરની બહાર થી અંદર સુધી દીવડાઓની ગોઠવણી કરી તેને પ્રગટાવી સાથે સાથે પુષ્પનો પણ ઉપયોગ કરી દીવડાઓની હારમાળાથી અલભ્ય શણગાર કરવામાં આવ્યો હતો. તથા ઢોલીના ધોલે અને શરણાઈના શુરે મામાદેવની આરતી કરવામાં આવી હતી, આ સમયે એક અલગ જ દિવ્ય અને ધાર્મિક વાતાવરણ ઉભું થઈ ગયું હતું. આ આરતી અને શૃંગારના દર્શન આજુબાજુના ભક્તો એ લીધો હતો અને વિશ્વને કોરોનામાંથી મુક્ત કરવા માટે આહવાહન કર્યું હતું.(૧૨.૩)

તમામ શક્તિ કેન્દ્રો ખાતે મન કી બાત કાર્યક્રમ યોજાયો : મિરાણી

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી દેવાંગ માંકડ, જીતુ કોઠારી, કિશોર રાઠોડની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવેલ છે કે દર માસના અંતિમ રવીવારે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મન કી બાત કાર્યક્રમ દ્વારા દેશવાસીઓને પ્રેરક સંબોધન કરવામાં આવે છે.

તે અંતર્ગત રવીવારે સવારે ૧૧ કલાકે શહેરના ૧ થી ૧૮ વોર્ડમાં તમામ શક્તિકેન્દ્રો ખાતે મન કી બાત કાર્યક્રમ નીહાળવામાં આવેલ હતો.(૧.૬)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

દશેરામાં ૧૨૦૦ ટુ વ્હિલર અને ૮૦૦ કાર વેચાઈ

કોરોના પછી વાહન બજારમાં સૌથી વધુ વેચાણ નવરાત્રીથી દશેરામાં નોંધાયું છે.નવરાત્રી અને દશેરામાં વાહનોનું વેચાણ વધતા ઓટો ડીલરોને દિવાળી સારી જવાની આશા છે..ગત વર્ષે ટુ વ્હિલર ૧૩૦૦ અને ૧ હજાર ફોર વ્હિલર વેચાયા હતા. જો કે કોરોનાને હિસાબે આ વખતે વાહનોના વેચાણમાં ઘટાડો નોંધાશે તેવો ભય ડીલરોને હતો.તે ખોટો સાબિત થયો હતો.રવિવારે સવારથી શુભ મુહૂર્તમાં જ લોકો ટુ વ્હિલર અને ફોર વ્હિલરના શો-રૂમમાં પહોંચી ગયા હતા અને રાત્રીના ૯.૦૦ સુધી ખરીદી ચાલુ રહી હતી. દશેરાએ પ્રથમ સેશનમાં ખરીદીનો માહોલ સારો હતો. જ્યારે બપોર બાદ માર્કેટમાં ખરીદનારાઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો. દશેરા કરતા પહેલા નોરતે સારી ઘરાકી હતી. પહેલા નોરતે જ આખા રાજકોટમાં ૨ હજાર ટુ વ્હિલર વેચાયા હતા. - સંજય ડાંગર, મેનેજર ટુ વ્હિલર શો-રૂમ દશેરાએ જે ખરીદી હતી તે શહેરી વિસ્તારની હતી. મગફળી,કપાસ વગેરેની સિઝન શરૂ થઈ રહી છે.આ જણસી માર્કેટમાં આવ્યા બાદ ખેડૂતો પાસે પૈસા આવશે. એટલે દિવાળીએ જે ખરીદી નીકળશે તે ગ્રામ્ય વિસ્તારની હશે અને તેમાં પણ ઉછાળો હશે તેમ ઓટો ડીલરોએ જણાવ્યું છે. કોરોના પછી પહેલીવાર ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં ઉછાળો આવ્યો છે. દિવાળીના એડવાન્સ બુકિંગ થયા છે. લોકો બીજા નોરતા પછી સીધુ દશેરાએ કાર ખરીદવાનું વધુ પસંદ કરે છે. આ દિવસે આખા રાજકોટમાં ૮૦૦ કારની ડિલવરી નોંધાઈ હતી. પહેલા નોરતાથી લઈને દશેરા સુધી ફોર વ્હિલરની ખરીદી લોકોએ કરી છે.

યસ બેંક દેશભરમાં ૫૦ શાખાઓ કરશે બંધ

આ બેંકને ડૂબતા બચાવી લેવામાં આવી હતી. ત્યાર બાદ માર્ચમાં કુમારને આ બેંકના નવા પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા હતા. કુમારે જણાવ્યુ હતું કે, બેંકે મધ્ય મુંબઈના ઈંડિયાબુલ્સ ફાઈનાન્સ સેન્ટરમાં પહેલા બે ફ્લોર છોડી દીધા છે. આ ઉપરાંત બેંક તમામ ૧૧૦૦ શાખાઓ માટે ભાડા પર નવેસરથી વાતચીત કરશે. આ પ્રક્રિયાથી બેંકોના ભાડામાં લગભગ ૨૦ ટકાનો ઘટાડો થવાની સંભાવના છે. તેથી તેના સુચારૂ સંચાલન માટે યસ બેંક ૫૦ શાખાઓને બંધ કરી રહી છે. આ એવી શાખા છે, જે એકદમ નજીક નજીકમાં આવેલી છે. ત્યારે આર્થિક સંકટ જોતા આ યોગ્ય નથી. સાથે જ એટીએમની સંખ્યા પણ યોગ્ય કરવામાં આવશે.

કોરોનાએ ફરી ઉથલો મારતા સ્પેનમાં રાષ્ટ્રવ્યાપી કટોકટી જાહેર

બાળકોની સારવાર માટે લોકોને રાત્રે રસ્તા પર ફરવાની છૂટ અપાશે. આ કરફ્યુ રવિવાર રાતથી જ અમલમાં મૂકાયો છે અને તે લગભગ છ મહિના સુધી અમલી રહેશે. યુરોપ અને સ્પેનમાં કોરોનાની બીજી વેવ ઊભરી રહી છે. દેશમાં જીવન માટે પરિસ્થિતિ અત્યંત વિકટ બની રહી છે. સાન્ચેઝે જણાવ્યું હતું કે, તેઓ મે મહિના સુધી રાષ્ટ્રીય કટોકટી લંબાવવા માટે સંસદના નીચલા ગૃહને વિનંતી કરશે. સ્પેનમાં કોરોનાની બીજી રાષ્ટ્રીય કટોકટી પ્રતિબંધક નથી. આ કટોકટીમાં લોકોને ફરજિયાત ઘરોમાં રહેવા નથી જણાવાયું. પરંતુ લોકોને શકય હોય ત્યાં સુધી ઘરોમાં રહેવા સૂચન કરાયું છે. અગાઉ માર્ચ મહિનામાં વડાપ્રધાને પહેલી રાષ્ટ્રવ્યાપી કટોકટીમાં લોકોને ફરજિયાત ઘરોમાં બંધ રહેવા માટે નિર્દેશો આપ્યા હતા અને આ કટોકટી છ સમાહ સુધી અમલમાં રહી હતી. જોકે સ્પેનમાં ઓગસ્ટ મહિનાથી કોરોનાના કેસમાં ફરીથી ઊછાળો આવવાનું શરૂ થયું હતું. કોરોનાનો સામનો કરવામાં સ્પેન પડોશી રાષ્ટ્ર ફ્રાન્સને અનુસરી રહ્યું છે. ફ્રાન્સે પણ આ સમાહે અનેક શહેરોમાં રાત્રે ૯.૦૦થી સવારે ૬.૦૦ વચ્ચે રાત્રી કરફ્યુ લાદી દીધો છે. ફ્રાન્સ અને સ્પેનમાં છેલ્લા કેટલાક દિવસોમાં કોરોનાના કેસમાં નોંધપાત્ર ઊછાળો આવ્યો છે. પરિણામે બંને દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૧૦ લાખથી વધુ થઈ ગઈ છે. યુરોપ અને અમેરિકામાં શનિવારે કોરોનાના કેસોમાં વિક્રમી ઊછાળો જોવા મળ્યો છે. જોકે, સરકાર માટે મોટી સમસ્યા એ છે કે કોરોનાનો પ્રસાર અટકાવવા માટે સરકારે મૂકેલા પ્રતિબંધક નિયમોનો પ્રજા અમલ નથી કરી રહી.

બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન દિલીપ પટેલનો આજે જન્મદિવસ

ગુજરાતના જાણીતા ધારાશાસ્ત્રી, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન, સભ્ય તેમજ પૂર્વ કોર્પોરેટર દિલીપ પટેલનો આજે જન્મદિવસ છે. તેઓ સમગ્ર ગુજરાત વકીલોના નેતા પણ છે. હાલમાં તેઓ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના 20mp: વકીલોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તેઓ ભાજપના કોર્પોરેટર પણ રહી ચુક્યા છે. ભાજપમાં વર્ષોથી અલગ અલગ વોર્ડના પ્રભારી તરીકે ફરજ બજાવેલ છે. ત્યારે તેઓને બહોળા મિત્રવર્તુળ, સગાં-સ્નેહી તેમજ રાજકીય અગ્રણીઓ દ્વારા જન્મદિવસની શુભકામનાઓ મળી રહી છે. સૌરાષ્ટ્ર કાંતી પરિવાર તરફથી દિલીપભાઈને જન્મદિવસની ખુબ-ખુબ શુભેચ્છાઓ...

જૈનમ ગ્રુપ દ્વારા દશેરાનાં પર્વ નિમિતે જરૂરિઆતમંદોને ૧ હજાર મીઠાઈનાં પેકેટ વિતરણ કરાયા

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

જૈનમ ગ્રુપ દ્વારા અનેક સેવાકિય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતા હોય છે . આ વર્ષે પણ દશેરા નિમિતે દશેરા નિમિતે રાજકોટ શહેરમાં સ્લમ વિસ્તારમાં રહેતા જરૂરીઆતમંદ પરિવારોમાં ૧૦૦૦ પેકેટ મીઠાઈ વિતરણ કરવામાં આવેલ. આ મીઠાઈ વિતરણના દાતા તરીકે સ્વ.તુષારભાઈ હસમુખભાઈ ધ્રુવનાં સ્મરણાર્થે હસ્તે સુજીતભાઈ ઉદાણી, સ્વ.બાબુલાલજી બામનમલજી ગાંધીનાં સ્મરણાર્થે હસ્તે જીતુભાઈ મારવાડી તેમજ રાકેશભાઈ મારવાડી તેમજ તપસ્વી સ્કુલ પરિવારનાં નિલેશભાઈ દેસાઈ તથા અમિષભાઈ દેસાઈએ લાભ લીધેલ હતો . આ વિતરણ શહેરનાં પુષ્કરધામ મેઈન રોડ , યુનિ.ગેઈટની આસપાસની ઝુપડપટ્ટી, રૈયા રોડ ફાટક આસપાસનાં વિસ્તારમાં અમીત દોશી, જીનેશ મહેતા, મૌલીક મહેતા તેમજ સાધુવાસવાણી રોડ તથા રૈયા ધારનાં સ્લમ વિસ્તારમાં વૈભવ સંઘવી, મેહુલ શાહ, મેહુલ બાવીશી દ્વારા ઉપરાંત નિપૂર્ણ દોશી, અહંમ દોશી, દેવના દોશી, કેલ્વીન રાછડીયા, આશીષ શાહ એ નવા ૧૫૦ ફુટ રીંગ તથા ન્યારી ડેમ આસપાસની ઝુપડપટ્ટીઓમાં તેમજ આકાશ ભાલાણી, રૂષિ વસા, શૈલેન શાહ દ્વારા લક્ષ્મીનગરનાં નાલા પાસે અને લોહાનગરની ઝુપડપટ્ટીમાં તેમજ જયેશ વસા, પ્રિતી વસાએ આશાપુરા મંદિર તેમજ બાલાજી મંદિર આસપાસનાં જરૂરીઆત મંદોને, માનવ મારવાડી, દ્વારા સિવીલ હોસ્પિટલમાં વિતરણ કરી માનવ સેવાનાં વાકયને સાર્થક કરેલ હતું.(૧.૫)

સૌરાષ્ટ્ર કાંતીને જન્મદિન નિમીત્તે ખુબ-ખુબ શુભકામનાઓ...

KDM HOTEL KDM

KDM HOTEL

Herrybhai : 9724742747
Girishbhai : 7383023208
Anilbhai : 9033939558
hotelkdm888@gmail.com
Anmol Park,
Aji Chowkdi NH/8B,
Rajkot - 360003

રાષ્ટ્રીય શાયર મેઘાણી સંશોધિત સંપાદિત

નવરાત્રી દરમિયાન 'રઢિયાળી રાત' ના પ્રાચિન લોકગીત ગરબા ગૂંજયા

વિશ્વભરના ગુજરાતીઓને ઓનલાઈન રાસ-ગરબાનો થાળ પીરસતા લોક કલાકાર રાધાબેન વ્યાસ અને ગંગારામ વાઘેલા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૬

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંશોધિત-સંપાદિત રઢિયાળી રાતના પ્રાચીન લોકગીતો-રાસ-ગરબા ગુંજ્યાં. ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ નિમિત્તે નવરાત્રીના પાવન પર્વ દરમિયાન યોજાયેલ ઓનલાઈન કાર્યક્રમને વિશ્વીભરમાં વસતાં ગુજરાતીઓએ ઈન્ટરનેટ પર માણ્યો. ગુજરાતનાં કોકિલકંઠી લોકગાયિકા રાધાબેન વ્યાસ અને વાલ્મીકિ સમાજમાંથી આવતા સેવાભાવી ભજનિક-લોકગાયક ગંગારામ વાઘેલાએ મેઘાણી-ગીતોની રમઝટ બોલાવી હતી. ચાંદો ઊગ્યો ચોકમાં, જોડે રહેજો રાજ, દાદા હો દીકરી, મહેંદી તે વાવી, સવા બશેરનું મારું દાતરડું, સોના વાટકડી રે, સહિતના સદાબહાર પ્રાચીન લોકગીતો-રાસ-ગરબા રજૂ થયાં હતાં.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક અને મેઘાણી૧૨૫ના પ્રણેતા પિનાકી નાનકભાઈ મેઘાણી, વાલ્મીકિ યુવા ઉત્થાન મિશનના કે. સી. વાઘેલા, જૈન અગ્રણી જતીનભાઈ ઘીયા, ખાદી-રચનાત્મક કાર્યકર ગોવિંદભાઈ જાદવ, એન.આઈ.ડી.સી.ના નિવૃત્ત ચીફ એન્જિનિયર જગજીવનભાઈ પ્રભુદાસ ગોહિલ અને પિયૂષભાઈ વ્યાસની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. વાલ્મીકિ સમાજના કોરોના વોરિયર સફાઈ કામદાર ભાઈઓ-બહેનોનાં જરૂરિયાતમંદ પરિવારોને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા કીટ વિતરણ કરાયું હતું. અમદાવાદ સ્થિત ગુજરાતી સાહિત્ય પરિષદનાં ગ્રંથાલયમાં છેલ્લા ૩૯ વર્ષથી ગ્રંથપાલ તરીકે કાર્યરત ગંગારામ વાઘેલા સેવા-નિવૃત્ત થતાં એમનું ભાવભર્યું અભિવાદન કરાયું હતું.

લોકગીતો માત્ર શુષ્ક ગ્રામીણ જોડકણાં નથી પણ લોક-આત્માનું અંતરતમ સૌંદર્ય ઝીલનારી કાવ્ય-કૃતિઓ છે. લોકગીતો જનતાના આત્માનાં સૌંદર્ય-ઝરણાં છે તેમ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી લાગણીભેર કહેતા. ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્ય પર વિશિષ્ટ અને ગહન સંશોધન કરેલુ. ધૂળધોયાનું ભગીરથ કાર્ય કરેલું. લોકગીતોનો જ્યારે લગભગ નાશ થઈ ચૂક્યો હતો તે વેળા એની શોધમાં નીકળેલા ઝવેરચંદ મેઘાણીએ ગામડાં ખૂંદ્યાં. અહીંતહીં છિન્નભિન્ન સ્વરૂપે ગીતો મળ્યાં તેના વેરણછેરણ ટુકડાઓના સાંધા જોડવા પ્રયાસ કર્યો. તેનું શુધ્ધ ગેય સ્વરૂપ મેળવ્યું. તેની અંદર જે કાવ્યતત્વ અસલ પડ્યું હોવું જોઈએ તે તપાસવા પોતાની કવિતાની સમજ, તર્કશક્તિ, કલ્પના અને છેલ્લે, પોતાની ચાતુરી પણ વાપરી. એ પછી બંધાયેલું જે અખંડિત સ્વરૂપ લાધ્યું તેને પોતાનાં સંગ્રહ રઢિયાળી રાતમાં મૂક્યું. ૪૫૦થી વધુ પ્રાચીન લોકગીતો-રાસ-ગરબાનાં સંગ્રહ રઢિયાળી રાતનો પહેલો ભાગ ૧૯૨૫માં અને ચોથો ભાગ ૧૯૪૨માં પ્રગટ થયો હતો.(૩.૨)

રાજકોટમાં ફોક્સવેગન સામે બેદરકારી બદલ ગ્રાહક ફોરમમાં ફરિયાદ

સર્વિસમાં આવેલી કાર પર ઝાડ પડતા ખર્ચ આપવામાં ગલ્લા-તલ્લા કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૬

હાલની કોવીડ -૧૯ મહામારીના સમયમાં મંદિના કારણે વેંચાણમાં ઘટાડો થતા સમર ઓટો ઉત્પાદન કરતી કંપનીઓ પોતાના વાહનો વેંચાણ કરવા અર્થે ગ્રાહકોને આકર્ષવા અવનવી અને લલચામણી સ્કીમ આપી રહી છે તે સંજોગોમાં ફોક્સવેગન (Volkswagen) કારના રાજકોટ સ્થિત શો - રૂમના સંચાલકોને પોતાના ચાહકોની સેવા આપવામાં ગંભીર બેદરકારી અને ઉપેક્ષા કરેલ છે અને તેથી રાજકોટના રહીશ કલ્પેશ ડી . કોટડીયા કે જેઓએ ફોક્સવેગન (Volkswagen) કંપનીની વેન્ટો હાયલાઈન પ્લસ કાર તા.૨૯/૧૧/૨૦૧૭ ના રોજ ખરીદ કરેલ અને સદરહુ કાર માં દરવાજા તથા બોડીમાં સામાન્ય ઍચીઝ ડેમેજીસ થતા તા.૨૧/૮/૨૦૧૭ ના રોજ ફોક્સવેગન (Volkswagen) કંપનીના ગોંડલ ચોકડી પાસે આવેલ શો - રૂમ તથા સર્વીસ સ્ટેશને રીપેરીંગ કરવા માટે મુકવામાં આવેલ હતી. ત્યારબાદ ૧૫ દિવસથી વધુ સમય વીતી જતા પણ કંપની દ્વારા કોઈ દરકાર કરેલ નહી અને સાથોસાથ કારને ખોટી જગ્યાએ બેદરકારીથી કંપનીના માણસોએ રાખેલ હોય કાર ઉપર ઝાડ પડતા કાર ટોટલ લોસ થયેલ અને તેની જાણ પણ ગ્રાહકને કરવામાં આવેલ નહી , અને જ્યારે ગ્રાહક દ્વારા ફોન કરી તપાસ કરવામાં આવેલ ત્યારે સમગ્ર ઘટનાની જાણ કરેલ અને ત્યારબાદ પણ કંપની તરફથી થયેલ બેદરકારીને કારણે કારને મેન્યુફેચરીંગ સ્થિતીએ લાવવા તેમજ નુકશાન આપવામાં ગલ્લા તલ્લા અને દરકાર ન કરતા નાછુટક ચાહકકલ્પેશ ડી. કોટડીયાએ કંપની તથા તેમના ડાયરેકટર્સ વિરૂધ્ધ રાજકોટ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરીયાદ કરેલ છે. આમ, હાલના આવા મંદિના માહોલમાં કંપનીઓ એક વખત વેંચાણ થયા બાદ વૈચાણ બાદની સર્વીસ પણ એટલી જ મહત્વની બની રહે છે તે ખરેખર તો કંપનીની જવાબદારી છે અને તેમાં પણ પોતાની કસ્ટડી રહેલ વાહનની જવાબદારી તો કંપનીની જ રહે છે. આવી સામાન્ય બાબત વિસારે પાડી દઈને કરેલ ઘોર બેદરકારી બદલ છેતરાયેલા મહકને ન્યાય મળે તે જરૂરી છે.(૩.૪)

પેટા ચૂંટણીના પ્રચારમાં દિગ્ગજો મેદાનમાં

ડાંગના કાલીબેલ ખાતે કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાની જાહેરસભા યોજાઈ

(અમારા પ્રતિનિધિ દ્વારા)
ડાંગ,તા.૨૬

ડાંગ વિધાનસભાની યોજનાર પેટા ચૂંટણીના ધમધમાટ વચ્ચે ભાજપ અને કોંગ્રેસે ચુંટણીમાં જીત મેળવવા દિગ્જન નેતા ઓને ચુંટણી પ્રચાર માટે મેદાનમાં ઉતારી દીધા છે અને મતદારોને રીઝવવા બન્ને પક્ષો પ્રયાસ કરી રહ્યા છે જે ચુંટણી પ્રચારના દોર વચ્ચે કાલીબેલ ખાતે કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમીત ચાવડાની આગેવાની હેઠળ જાહેર સભા યોજાઇ હતી. જેમાં કોંગ્રેસના ઉમેદવાર સુર્યકાંત ગાવિતને જીતાડવા માટે કોંગ્રેસી કાર્યકરોનો જુસ્સો વધારતા ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે ડાંગની જનતા એ બે વાર કોંગ્રેસ પક્ષના ધારાસભ્યને જીત અપાવી વરસોથી કોંગ્રેસના ગઢને સલામ રાખ્યો છે પણ ભાજપને આ જીત સહન ન થતા કોંગ્રેસના ધારાસભ્યને રૂપિયાની લાલચ આપી ખરીદી લીધા છે પણ ડાંગ વિધાનસભાની પેટા ચૂંટણી માં મત રૂપી હથિયારથી ફરી કોંગ્રેસના ઉમેદવારને જીતાડી ભાજપને સબક શિખવાડવાનો છે આદિવાસી સમાજ હમેશા કોંગ્રેસની વિચાર ધારા સાથે જોડાયેલો છે જે આદિવાસી સમાજ ભાજપને ચુંટણી ટાણે કેમ યાદ આવે છે આવા ધુતારાને ઓળખી જજો ભાજપ સરકાર ફકતને ફકત આદિવાસી સમાજને મત માટે ઉપયોગ કરી રહી છે. ભાજપ સરકારે આદિવાસી ઓનો વિકાસ નહી પણ વિનાસ કરવા તલપાપડ બની છે. બાબા સાહેબ આબેડકરે આદિવાસી સમાજને આપેલ અનામત છીનવવાની કોશીષ કરી રહયુ છે. ભાજપ સરકાર આદિવાસી વિસ્તાર માં ૧૩૮ સ્કુલો બંધ કરીને આદિવાસી બાળકોને શિક્ષણથી વંચીત રાખવા નો પ્રયાસ કરી રહી છે. આદિવાસી ઓને જંગલ જમીન આપવાની મોટી મોટી વાતો કરી ભાજપ સરકાર સ્ટેચ્યુ ઓફ યુનિટના વિકાસ માટે કેવડીના આદિવાસીઓ જમીન છીનવી તેમના ઘર પર બુલડોઝર ફેરવી અત્યાર ગુજાર્યો છે ભાજપ સરકાર આવનારા દિવસોમાં ડાંગ જીલ્લામાં રીવર લીંકીંગ પ્રોજેક્ટ હેઠળ મોટા ડેમ બનાવવા માટે આયોજન કરી રહી છે. જેની અસર થી ડાંગ ૩૩ ગામોને વિસ્થાપિત કરવા પડશે. આ સભામાં ધારાસભ્ય અનંત પટેલ સ્થાનિક રાજકીય આગેવાન સ્નેહલ ઠાકરે, શરદ પવાર, ઘનશ્યામ ભાદાણે, ચંદરભાઈ ગાવિત, મુકેશભાઈ પટેલ, પુનાજી ગામિત સુનીલ ગામિત દાતા ધારાસભ્ય કાંતિ ખરાડી ડાંગ પ્રભારી અજય ગામીત તાપીના ભીલા ચૌધરી કોંગ્રેસના આગેવાન ગૌતમ પટેલ ચંદર ગાવિત મુકેશ પટેલ મહિલા મોરચા લતાબેન ભોયે યુથના તુષાર કામડી અનીસ ધાનાણી સહિત કોંગ્રેસના હોદેદારો સરપંચો અને મોટી સંખ્યા કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.(૩.૩)

ચૂંટણી ટાણે જ આદિવાસીઓને યાદ કરનાર ભાજપથી ચેતી ફરી કોંગી ઉમેદવારને ચૂંટવા આહવાન કર્યુ

નવરાત્રિ દરમિયાન શનિવારે હનુમાનજી મહારાજને વિશેષ શણગાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૬

સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે ખાતે નવરાત્રિ દરમિયાન શનિવારના રોજ સવારે ૫-૩૦ કલાકે મંગળા આરતી તથા શણગાર આરતી ૭ કલાકે કોઠારી વિવેકસાગરદાસ સ્વામી દ્વારા કરવામાં આવેલ. તેમજ દાદાને ડાંડીયા તથા ભરતકામવાળા વસ્ત્રોનો વિશેષ શણગાર ધરાવવામાં આવેલ.(૩.૬)

સરગમ કલબ આયોજીત માતાજીની આરાધના સાથે સરગમી નવરાત્રી ભકિતભાવથી સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૬

સરગમ ક્લબ દ્વારા આ વખતે નવરાત્રીની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. સરકારી ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને હેમુ ગઢવી હોલમાં માતાજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી અને દરરોજ વિવિધ આગેવાનોના હસ્તે આરતી કરવામાં આવી હતી.પ્રથમ નોરતે વૈષ્ણવાચાર્ય પૂ.વ્રજરાજજી બાવાએ આરતી સાથે નવરાત્રીનો પ્રારંભ કરાવ્યો હતો અને ત્યાર બાદ રોજેરોજ આરતી અને પૂજા કરવામાં આવી હતી.

આ માંગલિક કાર્યમાં સરગમ લેડીઝ ક્લબની બહેનો અને જેન્ટ્સ તથા લેડીઝ ક્લબના હોદેદારો જોડાયા હતા. નવમા નોરતે અને દશેરાના દિવસે પણ માતાજીની વિશેષ પૂજા થઇ હતી અને સૌએ જલેબી તેમ જ અન્ય ભોજનનો સ્વાદ પણ માણ્યો હતો.

આ કાર્યક્રમમાં સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, મંત્રી મૌલેશભાઈ ઉકાણી, ખજાનચી સ્મિતભાઈ પટેલ ઉપરાંત લેડીઝ ક્લબના પ્રમુખ નિલુબેન મહેતા, ઉપપ્રમુખ જસુમતીબેન વસાણી,સરગમ સલાહકાર સમિતિના સભ્ય કાશ્મીરાબેન નથવાણી, હેલીબેન ત્રિવેદી, જયોતિબેન રાજગુરુ, જયશ્રીબેન સેજપાલ તથા મિતેનભાઈ મહેતા, રમેશભાઈ અકબરી, ગીતાબેન હિરાણી, મનસુખભાઇ ધંધુક્રિયા,ડી વી મહેતા કુંદનબેન રાજાણી ભરતભાઇ સોલંકી,રાજેન્દ્રસિંહ જાડેજા, છાયાબેન દવે, ભાવનાબેન મહેતા, ચેતનાબેન સવજાણી, જયશ્રીબેન વ્યાસ, વંદનાબેન પાનખાણીયા, સિંગર સોનલ ગઢવી વગેરે જોડાયા હતા. ગુણવંતભાઈ ડેલાવાળાએ આ નવરાત્રી મહોત્સવ સાથે જોડાયેલા તમામનો આભાર પણ માન્યો છે.(૩.૭)

''ઝરૂખો''

માણસે કરેલો પ્રાણીનો ઉપયોગ

આપણી પૃથ્વી ઉપર હજારો પ્રકારના માનવીઓ સાથે લાખો પ્રકારના પ્રાણીઓનું સહઅસિતત્વ છે.ફૂતરા,બિલાડા,ઘોડા જેવા અનેક પાલતું પ્રાણીઓ સાથે વાઘ,સિંહ જેવા હિંસક પ્રાણીઓ પણ છે.એક તરફ ગભરૂ હરણ કે સસલું છે તો બીજી તરફ મહાકાય હાથી છે.એક બાજુ ફૂદાફૂદ કરતો વાંદરો છે તો બીજી બાજુ ગધેડા છે.દીપડા,ચિતા કે ગાય,બકરી,ભેંસ આ બધા જગતમાં ઉપસ્થિત છે.

જંગલમાં શિકાર કરતો સિંહ ભાગતો ફરતો ગધેડો હંમેશા એક વિસ્મય સર્જે છે જંગલમાં ફરતી પૌઢ ઉમરની વ્યક્તિ પણ બાળક જેવી જ ઉત્સાહી થઈ જાય છે. આપણી સમક્ષ જાણે સ્ટોરીબૂકને મૂવીઝના દ્રશ્યે જીવંત થતાની સાથે જ આંખોમાં આશ્ચર્ય થાય છે. કેટલાક પ્રાણીઓ છે જે વિશ્વના જુદા-જુદા ભાગોમાં જોવા મળે છે આ પ્રાણીઓની ક્ષમતા ચરિત્ર અને ખૂબીઓ જ તેમને ખાસ બનાવે છે. આફ્રિકાના જંગલોમાં સિંહ આકર્ષણ જમાવે છે તેની શક્તિના કારણે તે જંગલનો રાજા છે. એશિયાના ગીરમાં સિંહ જોવા મળે છે. અને હાથી લગભગ દરેક દેશના જંગલમાં જોવા મળે છે. આફ્રિકાના હાથી કરતાં એશિયાના હાથી નાના હોય છે.પૃથ્વી પર સૌથી ઝડપથી દોડતો ચિતો છે. જે ઝીરોથી સાઠ માઈલની સ્પીડ પર માત્ર ૩ થી ૪ સેકંડમાં જઈ શકે છે. તેને પૂર્ણ ઝડપથી દોડતો જોવો એક અવસર છે. ગેંડા પણ બે પ્રકારના હોય છે સફેદ અને કાળા. આખા વિશ્વમાં ૯૦૦ થી પણ ઓછા માઉન્ટન ગોરીલા આફ્રિકામાં છે. વળી એન્ટાર્કટિકા જેવા ઠંડા પ્રદેશોમાં જયાં બહુ ઓછા પ્રમાણમાં માણસો જાય ત્યાં આઈસબર્ગ એન્ટાર્કટિકા પર પેન્ગ્વિનની વસ્તી જોવા મળે છે ત્યાં સીલ પણ જોવા મળે છે સીલ આક્રમક પ્રાણી છે.

જાગૃતિ દવે મિશ્રા (બરોડા)

એશિયામાં ભારતના જંગલોથી ચીનના પર્વતો સુધી ઘણાં અલગ અને આકર્ષક પ્રાણીઓ જોવા મળે છે આળસુ રીંછ,વિશાળ પાંડા,બંગાળ ટાઈગર વાઘ, મનુષ્યો કરતા છ ગણી દ્રષ્ટિ ધરાવતા વાઘ શિકાર માટે બધી ઈન્દ્રિયો સાથે દ્રષ્ટિ ઉપર આધાર રાખે છે. ઓસ્ટ્રેલિયા અને ઓશનિયા સુંદર અને સૌથી વધુ ખતરનાક પ્રાણીઓના ઘર છે. કાંગારૂ કોમોડો ડ્રેગન નામની ગરોળી જે હરણ અને ડુક્કર જેવા પ્રાણીઓનો શિકાર કરે છે એ કરડે તો માણસ પણ મરી જાય છે. માનવીની આ ખાસિયત છે કે તેને ગધેડા જેવા ભોળા પ્રાણીઓથી માંડી હાથી જેવા કદાવર પ્રાણીને પકડીને ગુલામ બનાવી દીધા. એટલુ જ નહીં સિંહ, વાઘ કે રીંછનો સર્કસમાં ઉપયોગ માનવીના મનોરંજન માટે સદીઓથી કરતા આવ્યા છે.

આમ આ બધુ કુદરતે વિશેષ આયોજનપૂર્વક ગોઠવ્યું હતું.હવે આપણે માણસ જાતે તે વેરવિખેર કરી દીધું છે, અને તેના કારણે અમુક પ્રાણીઓની પ્રજાતિ લુપ્ત થઈ રહી છે અને ઘણા બધા પ્રાણીઓનું નિકંદન કરી દીધા પછી આ જ માણસ જાત તેને હવે બચાવવાની વાતો કરી રહી છે.

પેટા ચૂંટણીમાં પ્રચારનો ધમધમાટ

અમરેલીમાં પ્રદેશ પ્રમુખ પાટીલને આવકારતા જિલ્લા ભાજપ પ્રમુખ

કાર્યકરો સાથે 'મન કી બાત' કાર્યક્રમ સાંભળી ચૂંટણી સંબંધિત સંગઠનાત્મક બેઠકો યોજી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમરેલી,તા.૨૬

ધારી વિધાનસભાની પેટા ચુંટણીમાં કાર્યકર્તાઓને જોમ જુસ્સો વધારવા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ધારીનાં આંગણે તેમજ અમરેલી જિલ્લામાં પ્રદેશ અધ્યક્ષ બન્યા પછી સૌ પ્રથમ વાર આવી રહયા છે. જેનાથી જિલ્લા ભરનાં કાર્યકરોમાં આનંદ અને ઉત્સાહ વ્યાપી ગયો છે.

રવિવારે સવારે ધારીનાં સુપ્રસિધ્ધ નર્મદેશ્વર મહાદેવ મંદીર ખાતે બુથ નં.૧૨૦ અને ૧૨૧નાં કાર્યકર્તાઓ સાથે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દેશના વડા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની મન કી બાતનો કાર્યક્રમ સાંભળ્યો હતો. જેથી કાર્યકરોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહયો છે.(૩.૫)

કોરોનાની ગાઈડલાઈનના પાલન સાથે

રઘુવંશી સમાજના આગેવાનો દ્વારા દશેરાએ ઘરબેઠા શસ્ત્રપૂજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૬

દશેરાના રોજ રઘુવંશી સમાજના યુવાન આગેવાનો દ્વારા કોરોના જેવી વૈશ્વિક મહામારને ધ્યાનમાં રાખીને જાહેરમાં શસ્ત્ર પૂજા કરવાનું આયોજન ટાળ્યું અને જે.વી. ફાઉન્ડેશન ટ્રસ્ટી કે.ડી રઘુવંશીજીના ઘેર દસ થી બાર વ્યક્તિઓ એકઠા થઈને વર્ષોથી ચાલી આવી રઘુકુળ પરંપરા અનુસાર શસ્ત્ર પૂજા કરાઈ અને જેમાં નામદાર ઠાકુર કુલદીપ રઘુવંશી, શિખ સંપ્રદાયના યુવાન આગેવાન અમનદીપસિંહ, પારકરા રાઠોડ ભાવિકરાજ, રાજકોટના યુવાન એડવોકેટ જયભારતભાઈ રઘુવંશી, આર.એસ.એસ.ના કાર્યશીલ સભ્ય હિરેનભાઈ, સાઈનોવા કમ્પનીના મેનેજર પ્રતીકભાઈ, ભૂતપૂર્વ ડેપ્યુટી એકાઉન્ટન્ટ (ગુજરાત સરકાર) ભુપેન્દ્રભાઈ કાછેલા, રિશીભાઈ, મોહિતભાઈ, ધ્રુમિલભાઈ વગેરે લોકો હાજર રહી અને શસ્ત્રોની પૂજા કરી હતી.(૩.૮)

વિરાણી હાઈસ્કૂલમાં સાઈબર ક્રાઈમ જાગૃતિ વેબીનાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૬

રાજકોટની જાણિતી વિરાણી હાઈસ્કૂલમાં યુવાનોમાં સાઈબર ક્રાઈમ અંગે લોકજાગૃતિ લાવવા માટે રાજકોટ પોલિસ કમિશનર મનોજ અગ્રવાલ અને જોઈન્ટ પોલિસ કમિશ્નર ખુરશીદ અહેમદના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર સાઈબર ક્રાઈમ પોલિસ દ્વારા સાઈબર સંબંધિ ગુન્હાઓની જાણકારી આપતો વેબીનાર યોજવામાં આવેલો હતો.

જેમાં સાઈબર ક્રાઈમ અંગેની મૂળભૂત માહિતી, તેના પ્રકાર તેમજ તેનાથી બચવા માટેની તકેદારીઓ અંગે વેબિનાર દ્વારા ધો.૧૧-૧૨ સાયન્સ અને કોમર્સના ૪૧૫ જેટલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાઈબર ક્રાઈમ પોલિસ સ્ટેશનના પી.આઈ. કાતરીયા સર , પી.એસ.આઈ. ગઢવી એડવોકેટ પોપટ શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયા તથા કોમ્પ્યુટર હેડ સંજય લાઠીયાએ વિદ્યાર્થીઓને જરૂરી માહિતી પુરી પાડી હતી. વેબિનારને અંતે પ્રશ્નોતરી રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.(૧૨.૧)

પોરબંદરમાં હરતા-ફરતા અન્નક્ષેત્રનો પ્રારંભ

ભગવતી આશ્રમ દ્વારા શહેરના તમામ વિસ્તારોમાં જઈ ભુખ્યાને નિઃશુલ્ક ભોજન કરાવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

પોરબંદર,તા.૨૬: પોરબંદર શહેરમાં ભૂખ્યોજન ભોજન લીધા વગર રહી ન જાય તેવા શુભ આશયથી એક હરતા-ફરતા અન્નક્ષેત્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શ્રી ભગવતી આશ્રમ દ્વારા કથાકાર ચારણ મહાત્મા, વણ ભગત ગુરૂ વશિષ્ટદાસ બાપુ તથા ગુરૂમાતા શ્રૃતિદાસ માતાજીના ઉપદેશથી તેમજ સંતો-મહંતો અને ભક્તોની હાજરીમાં પોરબંદર શહેરમાં હરતા-ફરતા અન્નક્ષેત્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ અન્નક્ષેત્ર મારફત શહેરના તમા વિસ્તારોમાં જઈને ભોજનનું કાયમી ધોરણે નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.(૧૩.૩)

રાજકોટમાં ગીતાજીના શ્લોક સાથે

કોરોના કૌભાંડ સામે આધ્યાત્મિક આંદોલન

રવિવારે રેસકોર્ષ રીંગ રોડ ફરતે ગીતાજીના ૭૦૦ શ્લોકનું પ્રદર્શનઃ સત્યાગ્રહીઓ દ્વારા કરાયું

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

વૈશ્વિક મહામારી કોરોનાને વૈશ્વિક કૌભાંડ ગણાવતા અશોક પટેલ, પ્રવિણ લાખાણી, ધીરૂભાઈ ગઢવી, મહેશ મહિપાલ, જલ્પાબેન ચૌહાણ સહિતના સત્યાગ્રહીઓ દ્વારા ૧ નવેમ્બરનાં રોજ રેસકોર્ષ રીંગ રોડ ફરતે ગીતાના ૧૮ અધ્યાયના ૭૦૦ શ્લોક પ્રદર્શિત કરી આધ્યાત્મિક આંદોલન કરવામાં આવશે. આ અંગે યાદીમાં જણાવેલ કે કોરોના ને મહામારી સાબીત કરનારને ભારતમાં હાલ બધુ મળીને કુલ ૫૭ લાખ રૂપિયાના ઈનામો જાહેર થયા છે. સોશિયલ મીડીયામાં ઘણા ડોક્ટરોએ એ સંબંધમાં પુરાવાઓ સહિતની રજુઆતો મુકી છે, તથા ઘણાં સંશોધનકારોએ પુસ્તકો પણ રજૂ કર્યા છે.

અશોકભાઈ પટેલ,પ્રવિણભાઈ લાખાણી, મહેશભાઈ મહીપાલ, જલ્પાબેન ચૌહાણ, મગનભાઈ ડરાણીયા, અશોકભાઈ બુટાણી, અમીતકાંત પટેલ, જી.બી. પરમાર, ધીરૂભાઈ ગઢવી, હંસરાજ નકુમ વગેરે જાગૃત નાગરિકોએ માસ્ક ન પહેરીને અલગ અલગ સ્થળે માસ્કની હોળીઓ કરી છે તથા તા.૨૦ જુલાઈના રોજ રેસકોર્સ રીંગ રોડ પર, બહુમાળી ભવનની સામે બીલ ગેટસ, WHOના ડાયરેક્ટર જનરલ ડો. ટેડ્રોસ, સહિતના મહાનુભાવોના પ્રતિકાત્મક બેનેરોને ગ્રીલ પર બાંધીને તમામને જાહેરમાં બુટ-ચપ્પલોથી ફટકારીને વિરોધ જાહેર કરેલ છે. આ જ કોરોના સત્યાગ્રહ અંતર્ગત રેસકોર્સ રીંગ રોડ પર આ દરમ્યાન એક વખત માનવસાંકળ દ્વારા લોકજાગૃતિ માટેનો પ્રયત્ન કરેલ છે.

તા. ૧ નવેમ્બર,૨વિવાર ના રોજ સવારે ૬ થી ૯ દરમ્યાન રેસકોર્સ રીંગ રોડ ફરતે કોર્પોરેશન દ્વારા જે લોખંડની ગ્રીલો લગાડેલ છે તેના પર ભગવદ ગીતાના ૭૦૦ શ્લોકોનું પ્રદર્શન ૪ કી.મી. ના સર્ક્યુલર રીંગ રોડ પર કરાનાર છે. આજે જ્યારે આ નકલો કોરોનાનો ભય દુનિયા ભરમાં દરેક દેશોની સરકારો દ્વારા પ્રસરાવવામાં બીલ ગેટસ, ધજફ તથા વર્લ્ડ બેંક્સ અને ઈલ્યુમીલીટીનામનુ ગુપ્ત સંગઠન કે જે છેલ્લા ૩૫૦ વર્ષોથી વિશ્વ સરકાર એટલે કે ગ્લોબલ ગર્વમેન્ટ બનાવવાના જુદા જુદા આયોજનો કરી રહેલ છે, ત્યારે સતા અને સંપિતના આ ગંદા ખેલમાં બીજા દેશોની જેમ ભારતમાં પણ અનેક ચળવળકારો, સત્યાગ્રહીઓ આ વૈશ્વિક કૌભાંડ એટલે કે,ગ્લોબલ કોન્સ્પીરેસીને નીષ્ફળ બનાવવા કાર્યરત થયા છે. ભારતમાં ૧ નવેમ્બરના રોજ દેશના જુદા-જુદા શહેરો અને નગરોમાં દેખાવો કરાનાર છે ત્યારે રાજકોટમાં એક અભૂતપર્વ, ઐતીહાસીક અને અનોખો સત્યાગ્રહ થનાર છે.

આ સંપૂર્ણ ગીતા પ્રદર્શન દ્વારા શરીર અને આત્માના અમર જ્ઞાન દ્વારા વ્યક્તિને આત્મજ્ઞાન તથા આત્મબોધ થાય અને નશ્વર-નાશવાન શરીરના મોહપાશમાંથી વ્યક્તિ મુક્ત થાય તે માટેનો આ એક ઉતમ પ્રયત્ન છે. આ તબક્કે રાજકોટની જનતા આ ગીતા પ્રદર્શનની મુલાકાત લ્યે અને એ પ્રમાણે ગીતાને વાગોળીને કોરોનાના વ્યાપ્ત ભયમાંથી છુટે એવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયેલ છે.(૩.૧)

ગિરનાર પર્વત ઉપર મોરારિબાપુની રામકથાની પૂર્ણાહુતિ

વિજ્ઞાન અને આધ્યાત્મનું સંતુલન તુટવું ન જોઈએ

કળિયુગમાં રામશ્રવણ, રામનું ગાયન અને રામનું સ્મરણ જ એકમાત્ર ઉપાયઃ મોરારિબાપુ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

જુનાગઢ, તા.૨૬

ગિરનાર પર્વત ઉપર પૂજ્ય મોરારી બાપુની વર્ચ્યુઅલ રામકથાની વિજયાદશમીના શુભ અવસરે પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. અવધૂત શિરોમણી ગિરનારના કમંડળ કૂંડ ખાતેથી પૂર્ણાહૂતિના દિવસે ગઇકાલની અધૂરી કથાને આગળ વધારતા બાપુએ હનુમાનજીને લંકાગમન વખતે આવેલા વિઘ્નો બાબતે જણાવ્યું હતું કે, દરેક સાધકને આવા પાંચ વિઘ્નો આવે છે. જ્યારે ભરત રામને મળવા જાય છે ત્યારે પણ તેને રાખેલું વ્રત તુટે છે, માર્ગમાં વિઘ્નો ઉભા થાય છે, ઋષિ મુનિઓ પરિક્ષા કરે છે, દેવતાઓ-દેવી તત્વો વિઘ્ન કરે છે અને છેલ્લે ખુદ નજીકની વ્યક્તિ લક્ષ્મણ પણ વિરોધ કરે છે. આમ દરેક સાધકના જીવનમાં આવું બને જ છે પણ એ વખતે ભજન ટકાવી રાખે તો ચિત્રકૂટ દૂર નથી.

આ પહેલાં કહ્યું હતું કે આપણા માટે તો રામચરિત માનસ સ્વયં જગદંબા છે. અહીં કથા પ્રવાહમાં બ્રમ્હચર્યાશ્રમનો પર્યાય શત્રુઘ્ન, ગૃહસ્થાશ્રમનો પર્યાય ભરતજી, વાનપ્રસ્થાશ્રમનો પર્યાય કે આદર્શ લક્ષ્મણ અને સન્સાસઆશ્રમનો પર્યાય રામ છે. આમ કહી વ્યાસ-સમાન પદ્ધતિથી રામનવવાસ, દશરથનો પ્રાણત્યાગ, ભરત મિલાપ, સુગ્રીવ સાથેની દોસ્તી, હનુમાન મિલન વગેરે પ્રસંગોની ચર્ચા કરી હતી. બાપુએ જણાવ્યું કે સમગ્ર કથાઓનો સાર આજ છે - કળિયુગમાં રામશ્રવણ, રામનું ગાયન અને રામનું સ્મરણ જ એકમાત્ર ઉપાય છે. જગદંબાએ જે-જે કર્યું એ રામચરિત માનસે પણ કર્યું એટલે રામચરિત માનસ સ્વયં જગદંબા છે. પૂર્ણાહૂતિ કરતાં બાપુએ જણાવ્યું કે ગિરનારી મહારાજને મનોરથ હશે. માં, ગોરખ, ગુમગંગાજી, દત્ત અને કમંડળ કૂંડ અને સમાપ્તિ વખતે લાગે છે કે પ્રકૃતિના પાંચેય તત્વોએ આશિર્વાદ આપ્યાં છે. મુક્તાનંદ બાપુની ઇચ્છા અને સમગ્ર ગુરૂ પરંપરા, વર્તમાન મહેશગિરિ બાપુ તથા લગભગ મૌન જ રહી કામ કરતાં નિમિત્તમાત્ર યજમાન જેન્તીભાઇ ચાંદ્રા પરિવારનું સ્મરણ કર્યું. વિજ્ઞાન અને આધ્યાત્મનું સંતુલન તુટવું ન જોઈએ.(૧.૩)

દુકાનદારો દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને રજૂઆત

અંકલેશ્વરમાં ગેરકાયદેસર દબાણ સામે દુકાનદારોમાં રોષ

ફર્નિચરના માલિકે પાર્કિંગની જગ્યામાં શેડ ઉભો કરતા દુકાનદારો પરેશાન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૨૬

અંકલેશ્વરની બ્રિજ નગર કોંપ્લેક્સ માં નીલમ ફર્નિચરના માલિક દ્વારા ગેરકાયદેસર દબાણ કરતા દુકાનદારોમાં રોષ ફેલાયો હતો. પાર્કિંગની જગ્યામાં શેડ બનાવી દેતા દુકાનદારો તેમજ ગ્રાહકોના વાહન પાર્ક કરવા માટે મુશ્કેલી ઉભી થતા નગરપાલિકાના મુખ્ય અધિકારીને રજૂઆત કરી હતી. અંકલેશ્વરના બ્રિજનગર કોંપ્લેક્સમાં આવેલ નીલમ ફર્નિચરના માલિક હનીફ દ્વારા પાર્કિંગની જગ્યામાં ગેરકાયદેસર શેડ ઉભો કરી દેતા કોંપ્લેક્સના દુકાનદારોમાં રોષ ફેલાય જવા પામ્યો છે. પાર્કિંગનો સમગ્ર એરિયા તેના દ્વારા કોર્ડન કરી દેવામાં આવ્યો છે તદુપરાંત બ્રિજ નગર સોસાયટીના મુખ્ય માર્ગને અડચણરૂપ બાંધકામ કર્યું છે કોંપ્લેક્સ ના પહેલા મળે જવા માટે ની સીડી ને પણ ઢાંકી દેતા દુકાનદારો અને ગ્રાહકોને પહેલા માળે જવામાં મુશ્કેલી ઉભી થઇ છે. નીલમ ફર્નિચરના માલીકની મનમાનીથી દુકાનદારો હેરાન થઇ રહ્યા છે. દુકાનદારો એ આગાઉ પણ દબાણ બાબતે રજૂઆત કરી હતી પરંતુ નગરપાલિકાને સત્તાધીશો દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી જેના કારણે નીલમ ફર્નિચરના માલીકને છૂટોદોર મળતા ગેરકાયદેસર દબાણ કરવામાં કોઈ કસર છોડી નથી તેમજ બૌડા વિભાગની કામગીરી ઉપર પણ હવે સવાલો ઉભા થયા છે. નોંધવું રહ્યું કે જિલ્લા કલેકટર દ્વારા આ સંદર્ભે ઘટતું કરવાનો આદેશ આપવામાં આવ્યો છે તથા તંત્ર દ્વારા કોઈ પગલાં નહિ ભરવામાં આવતા દુકાનદારોએ પાલિકાના ચીફ ઓફિસરને રજૂઆત કરી દબાણ હટાવવા માંગણી કરી હતી.(૧૨.૧૨)

ભરૂચઃ જવારાનું નર્મદા નદીમાં વિસર્જન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ,તા.૨૬

ભરૂચ જીલ્લામાં આસો નવરાત્રીની ભક્તિભાવ પૂર્વક નવ દિવસ મંદિરો અને ઘરોમાં જવારાનું સ્થાપન કરી માતાજીની ઉપાસના બાદ દશેરાના દિવસે આસો નવરાત્રીના સમાપન પ્રસંગે વિવિધ વિસ્તારોમાંથી જવારા વિસર્જન યાત્રા નીકળી હતી. માઈ ભક્તોએ નમર્દા ઘાટો ઉપર ભક્તિભાવપૂર્વક જવારાનું વિસર્જન કરી માતાજીની પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

સમગ્ર વિશ્વમાં કોરોનાની મહામારીના કારણે આસો નવરાત્રીને કોરોનાનું ગ્રહણ લાગ્યું હતું. જેના પગલે આસો નવરાત્રીમાં ગરબાના આયોજનો ઉપર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવતા ખૈલયાઓ નિરાશ જોવા મળ્યા હતા.પરંતુ આસો નવરાત્રીમાં માતાજીની ભક્તિ અને જવારાનું સ્થાપન કરી શકાશે તેવા નિર્ણયને લઈ ભરૂચ જીલ્લામાં પરંપરા મુજબ માતાજીના મંદિરોમાં જવારા અને ગરબીનું સ્થાપન કરાયું હતું. નવ દિવસ માતાજીની ભક્તિભાવ પૂર્વક પૂજા અર્ચના કરવામાં આવી હતી અને નવ દિવસ સુધી માતાજીના ઉપવાસ સાથે આરતી થકી માતાજીને રીઝવવામાં આવ્યા હતા. નવ દિવસ બાદ આજે દશેરાના દિવસે વિવિધ મંદિરો અને ઘરોમાં સ્થાપિત કરાયેલા જવારાઓનું ધાર્મિક વિધિ મુજબ ભવ્ય જવારા વિસર્જન યાત્રાઓ માર્ગો ઉપર થી નીકળી હતી. જેમાં અંકલેશ્વરના દક્ષિણ છેડે હજારો ભાવિક ભક્તોએ ઢોલ નગારા, અબીલ ગુલાલની છોડ વચ્ચે નર્મદા નદીમાં જવારાનું વિસર્જન કરી આસો નવરાત્રીનું સમાપન કરી ધન્યતા અનુભવી હતી. બીજી તરફ જવારા વિસર્જનના પ્રશ્ન વચ્ચે મકતામપુરમાં સ્થાપિત જવારાઓનું યુવાનોએ જીવના જોખમે નર્મદા કાંઠે વિસર્જન કર્યું હતું.(૧૨.૧૩)

ભરૂચ કોંગ્રેસ કાર્યકરોએ માર્યા બેનર્સ, પાલિકાએ તાત્કાલિક હટાવ્યાં

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ,તા.૨૬

ભરૂચ શહેરમાં ચોમાસામાં મોટાભાગના રસ્તાઓ ધોવાઇ ગયાં હોવાથી વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહયાં છે.બિસ્માર માર્ગોને લઈ કોંગ્રેસની લોક સરકાર દ્વારા અનોખું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભરૂચમાં ચોમાસા દરમ્યાન માર્ગો બિસ્માર બની ગયાં છે. વરસાદ બંધ થઇ ગયો હોવા છતાં રસ્તાઓના રીપેરીંગમાં પાલિકા તંત્ર ઉદાસીન જણાય રહયું છે. બિસ્માર માર્ગો અંગે સત્તાધીશોનું ધ્યાન દોરવા માટે કોંગ્રેસના લોક સરકાર વિભાગ તરફથી અનોખું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભાજપનો વિકાસ ખાડામાં, રસ્તાઓ પર સાચવીને ચાલજો સહિતના પોસ્ટર્સ સાથે કાર્યકરો વિવિધ માર્ગો પર પહોંચ્યાં હતાં અને સુત્રોચ્ચાર કર્યો હતો. શહેરના સર્કલો ઉપર બેનર્સ પણ મારવામાં આવ્યાં હતાં. ઘટનાની જાણ થતાં પાલિકા સત્તાધીશો પણ એકશનમાં આવ્યાં હતાં. સત્તાધીશોએ તાત્કાલિક અસરથી ફાયર વિભાગની ટીમ મોકલી કોંગ્રેસે લગાવેલા બેનર્સ હટાવડાવી લીધાં હતાં.(૧૨.૧૪)

દશાન ગામે ટ્રકના ડ્રાયવરે ટેમ્પાને મારી ટક્કર, બે વેપારીઓના મોત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ,તા.૨૬

વાગરા તાલુકાના દહેજ પાસે આવેલાં જોલવા ગામે ભરાતાં રવિવારી બજારમાં સામાન વેચવા જઇ રહેલાં વેપારીઓના ટેમ્પાને દશાન ગામ નજીક અકસ્માત નડયો હતો. ટ્રકની ટકકરે ટેમ્પો પલટી જતાં બે વેપારીઓના સ્થળ પર મોત થયાં છે જયારે અન્ય ત્રણને ઈજા થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે.

ભરૂચ જિલ્લામાં દશેરાનું પર્વ રકતરંજીત બની ગયું હતું. ભરૂચ- દહેજ રોડ પર આવેલાં દશાન ગામ પાસે ટ્રક અને ટેમ્પા વચ્ચે થયેલાં અકસ્માતમાં બે વેપારીઓના મોત થયાં છે. અંકલેશ્વરનાં કેટલાક વેપારીઓ દહેજના જોલવા ખાતે ભરાતી રવિવાર બજારમાં ધંધાર્થે જવા નીકળ્યા હતાં.મીની ટેમ્પામાં છ જેટલા લોકો દહેજ જઈ રહ્યા હતા એ દરમ્યાન ભરૂચ દહેજ રોડ પર દશાન ગામ નજીક પુરઝડપે જતી ટ્રકનાં ચાલકે મીની ટેમ્પાને ટક્કર મારી હતી. ટ્રકની ટકકર બાદ ટેમ્પો પલટી જતાં ટેમ્પામાં સવાર છ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. બે યુવાન વેપારીઓના ગંભીર ઈજાના પગલે ઘટનાસ્થળે મોત નીપજયાં હતાં. અન્ય ત્રણ જેટલા વેપારીઓને ઈજા પહોચતા સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.બનાવની જાણ થતાની સાથે જ ભરૂચ ગ્રામ્ય પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો મૃતકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.(૧૨.૧૫)

અંકલેશ્વર પોલીસ તંત્ર દ્વારા દશેરા નિમિત્તે શસ્ત્ર પૂજન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૨૬

અંકલેશ્વર તાલુકા અને જીઆઈડીસી પોલીસ મથક ખાતે દશેરા પર્વ નિમિતે વિધિવત શસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ કર્મચારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

દશેરા પર્વ નિમિત્તે અંકલેશ્વર પોલીસ તંત્ર દ્વારા શસ્ત્રોની પૂજા કરવામાં આવી હતી. તાલુકા અને જીઆઈડીસી પોલીસ મથક ખાતે પી.આઈની ઉપસ્થિતિમાં કોરોના ગાઈડ લાઈન મુજબ પરંપરા અનુસાર વિધીપૂર્વક શત્ર, પૂજન કરવામાં આવ્યું હતું. તમામ કાર્યક્રમો યોજાયા હતા.પોલીસ તત્ર દ્વારા શસ્ત્ર, પૂજન કરવામાં આવ્યું. તેમજ તમામ વાહનો અને ઉપકરણોનું પણ પૂંજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે બન્ને પોલીસ મથકના પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.(૧૨.૧૬)

અંકલેશ્વરના રામકુંડ ખાતે અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૨૬

અંકલેશ્વરના પૌરાણિક રામકુંડ તીર્થધામ ખાતે દશેરા પર્વ નિમિતે કુંવારિકાઓને મહાપ્રસાદી ની સાથે દક્ષિણા આપી કોરોનાની મહામારી દૂર થયા તેવી માતાજીને પાર્થના કરી હતી.

દશેરા પર્વ નિમિતે અંકલેશ્વરના રામકુંડ તીર્થધામ ખાતે સરકારની ગાઇડલાઇન મુજબ સાદાઈ પૂર્વક વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રામકુંડના મહંત ગંગાદાસબાપુ દ્વારા બાળા ઓને કુમકુમ તિલક કરી મહાપ્રસાદી આપવામાં આવી હતી અને બાળાઓને દક્ષિણા આપી દેશ અને દુનિયામાંથી કોરોના ની મહામારી દૂર થયા તેવી માતાજીને પાર્થના કરી હતી.(૧૨.૧૯)

અંકલેશ્વરના સારંગપુર ગામે ઓટો રિક્ષા અને બોલેરો વચ્ચે અકસ્માત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૨૬

પ્રામ પોલીસ સૂત્રીય માહિત અનુસાર અંકલેશ્વરના સારંગપુર ગામના મકાન નંબર ૩૦૧, ગોપીનાથ રો હાઉસ, મીરાનગરમાં રહેતા નરેન્દ્રસિંગ રાજવીરસિંગ તેમના ફ્રમ પાર્ટનર સ્વદેશ બરાલ અને રૂપેશ જશવંત બોબડે સાથે તારીખ ૨૩મીની રાત્રે ઝઘડિયાની વેલ ન્યુબર્ગ એન્જીનિયરિંગમાં નોકરી પર ઓટોરિક્ષામાં સવાર થઈને જતા હતા,તે દરમ્યાન સારંગપુર ગામ પાસે રિક્ષાની સામેની તરફથી આવતા બોલેરો પીકઅપના ચાલકે રિક્ષાને અડફેટમાં લઈને અકસ્માત સર્જ્યો હતો. સર્જાયેલા અકસ્માતમાં રિક્ષામાં સવાર રૂપેશ બોબડે રિક્ષા માંથી પોતાનું મોઢું બહાર કાઢતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેનું કરૂણ મોત નીપજ્યુ હતુ, અને સ્વદેશ બરાલને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.અકસ્માત બાદ ઓટોરિક્ષા ચાલક અને બોલેરો પીકઅપનો ચાલાક ઘટના સ્થળે થી ફરાર થઇ ગયા હતા.(૧૨.૧૭)

વાલિયા ગામે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વાલિયા,તા.૨૬

વાલિયા ગામમાં આવેલ પૌરાણિક કમળા માતાજીના મંદિર ખાતે આઠમ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સોશ્યલ ડિસ્ટન્સ માસ્ક સહીત સરકારની ગાઇડલાઇનનું સંપૂર્ણ પાલન સાથે ભક્તો ને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

કોરોના મહામારી વચ્ચે સરકાર દ્વારા જાહેર સ્થળો પર ગરબાના આયોજન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે માતાજીના મંદિરો સોશ્યલ ડિસ્ટનસિંગ અને સરકારી ગાઇડ લાઈન મુજબ ધાર્મિક કાર્યક્રમો યોજવા અનુમતિ આપવામાં આવી છે ત્યારે વાલિયા ગામમાં આવેલ પૌરાણિક કમળા માતાજીના મંદિર ખાતે ચાલુ વર્ષે કોરોનાને પગલે ગરબાનું આયોજન મુલત્વી રાખવા આવ્યું છે સવારે અને રાતે સોશ્યલ ડિસ્ટનસિંગ સાથે આરતીનું આયોજન કરવામાં આવે છે આજરોજ આઠમ નિમિત્તે મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા જેમાં માતાજીનું પૂજન અર્ચન અને હવન સહિતના કાર્યક્રમો યોજાયા હતા ભાવિક ભક્તોએ એકલ ડોકલ આવી હવનમાં શ્રીફળની આહુતિ આપી હતી જે બાદ રાતે આઠમની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જે મહા આરતીમાં માઇ ભક્તો જોડાયા હતા.(૧૨.૨૨)

લુણા ગામની પ્રાથમિક શાળામાંથી મોટર અને કેબલ વાયરની ચોરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વાલિયા,તા.૨૬

વાલિયાના લુણા ગામની પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાંથી તસ્કરો મોટર સહીત કેબલ વાયર મળી કુલ રૂ.૧૭ હજારથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ જતા વાલિયા પોલીસે તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ વાલિયાના લુણા ગામની પ્રાથમિક શાળાને તસ્કરોએ નિશાન બનાવી હતી તસ્કરોએ શાળાના કમ્પાઉન્ડમાં લગાવેલ ઇલેક્ટ્રિક મોટર અને કેબલ મળી કુલ ૧૭ હજારથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા ચોરી અંગે શાળાના શિક્ષિકા સુમનબેન ચંદ્રસિંહ અટોદરિયાએ વાલિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.(૧૨.૨૧)

અવસાન નોંધ

જુનાગઢઃ મૂળ ચોકી હાલ જુનાગઢ નિવાસી ગુર્જર સુથાર કામીનીબેન મિસ્ત્રી (ઉ.વ.૪૨-માજી સરપંચ ચોકી) તે રાજુભાઈ નરસિંહભાઈ મિસ્ત્રીના પત્ની(માજી સરપંચ કગથરા), દીપ-આયુશીના માતા, હસુભાઈના ભાભીનું તા.૨૫ને રવિવારના રોજ અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું આજે સાંજે ૪ થી ૬ રાધા રમણ સોસાયટી, બ્લોક નં ૫૦, શેરી નં ૪, ખલીલપુરા રોડ, જુનાગઢ ખાતે તેમજ ચોકી સોરઠ ગામે તા.૨૯ના રોજ ૪ થી ૬, જુના ઉબેણ પુલ પાસે, જુનાગઢ-જેતપુર હાઇવે, હસુભાઈ મિસ્ત્રીના ફાર્મ હાઉસ ખાતે રાખેલ છે. રાજુભાઈ મો. ૮૦૦૦૦૫૫૮૬૬, હસુભાઈ મો. ૯૪૨૬૪૬૭૬૧૨

અંકલેશ્વર નેશનલ હાઈ-વે પર અજાણ્યા વાહનની અડફેટે સુરતના ઉદ્યોગકારનું મોત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૨૬

અંકલેશ્વર નેશનલ હાઇવે નંબર ૪૮ પર સુરતના ઉદ્યોગ કાર ને અજાણ્યા વાહન ચાલકે અડફેટ માં લેતા કરુણ મોત નીપજ્યુ હતુ. અંકલેશ્વર નેશનલ હાઇવે નંબર ૪૮ને અડીને આવેલ અમર તૃમિ હોટેલની સામે સુરત ખાતે ટેક્સટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ભરતભાઈ લાલજીભાઈ વિરડીયા ઉ.વ. ૫૬ રહેવાશી ૩૫, શ્યામ સુંદર સોસાયટી, મીની બજાર, વરાછા, સુરતનાઓને કોઈક અજાણ્યા વાહન ચાલકે અડફેટ માં લીધા હતા. સર્જાયેલા અકસ્માતમાં ભરતભાઈને કપાળ તેમજ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું કરુણ મોત નીપજ્યુ હતુ. ઘટના અંગેની જાણ અંકલેશ્વર શહેર પોલીસને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો, અને મૃતદેહનો કબ્જે મેળવી પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડયો હતો.(૧૨.૧૮)

અંકલેશ્વરમાં વાજતે ગાજતે માતાજીના જુવારા વિસર્જનની યાત્રા નીકળી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૨૬

અંકલેશ્વરમાં નવરાત્રી પર્વ માં નવ દિવસ માટે પ્રસ્થાપિત માઁ આદ્ય શક્તિ ના જવાળા ની વિસર્જન યાત્રા નીકળી હતી શ્રદ્ધાળુ એ વાજતે ગાજતે માતાજીના જવાળાનું નદી તળાવો માં વિસર્જન કર્યું હતું.

આસો નવરાત્રી પર્વમાં માઁ આદ્ય શક્તિની આરાધના શ્રધ્ધાપૂર્વક કરવામાં આવે છે, ભક્તો દ્વારા માતાજીના મંદિરો તેમજ ઘરમાં નવ દિવસ માટે વાસની ટોપલીમાં જવાળા નાખવામાં આવે છે અને રોજેરોજ તેની પૂજા અર્ચના કરવામાં આવે છે અને દશેરાના દિવસે સવારના અરસામાં પૂજા આરતી કરી જવાળાને બાજટ ઉપર પ્રસ્થાપિત કરી માતાજીની આરાધના સાથે વિસર્જન યાત્રા કાઢવામાં આવે છે, અંકલેશ્વર માં ભક્તો દ્વારા પ્રસ્થાપિત જવાળાની વિસર્જન યાત્રા નીકળી હતી અને માતાજીના જવાળા ને નદી તેમજ તળાવોમાં વિસર્જન કર્યા હતા.(૧૨.૨૦)

નવ દિવસ પૂજા-અર્ચના બાદ માંનો ગરબો જળમાં વિસર્જિત!

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

આસો સુદ એકમથી પ્રારંભ થયેલી નવરાત્રીની શનિવારે પુર્ણાહુતી થઈ હતી. લોકો ભાવભેર માતાજીની આ નવ દિવસ દરમ્યાન આરાધના કરતા હોઈ છે. આ વખતે કોરોના હોવાથી ગરબાના આયોજન પર પ્રતિબંધ હતો. પરંતુ વર્ષોથી ચાલી આવતી પરંપરાને સાચવી રાખવા લોકોએ સાદગીપૂર્ણ ઘરે રહીને જ નવરાત્રીની ઉજવણી કરી હતી. સામાન્ય રીતે નવરાત્રી પૂર્ણ થતા બીજે દિવસે લોકો ગરબાને નદીમાં વિસર્જિત કરે છે અથવા તો કોઈ મંદિરે પધરાવી દે છે. પરંતુ એ કેટલા અંશે વ્યાજબી છે?જે ભગવતીને નવ દિવસ ભજવામાં આવે છે એ જ માંના ગરબાને જળમાં પધરાવીને લોકો પોતાની શ્રધ્ધાને કદાચ ચોક્કસ તૃપ્ત કરતા હશે પરંતુ એનાથી જળનું જે પ્રદુષણ થાય છે એના વિષે કોઈ સભાનતા કેમ નથી દાખવતું! આવું ફક્ત નવરાત્રીના તહેવારમાં જ નથી થતું કિન્તુ ગણેશ ચતુર્થી, દશામાંના વ્રત હોઈ ત્યારે પણ આ સ્થિતિ નિર્માણ પામે છે. લોકો જળમાં શ્રદ્ધાકીય વસ્તુઓને વિસર્જિત કરીને કુદરતના સંસાધનને જાણે-અજાણ્યે નુકસાન પહોચાડે છે. શનિવારે નવરાત્રીની પુર્ણાહુતી થતા આજે શહેરના રાંદરડા તળાવ ખાતે લોકોએ ગરબાનું વિસર્જન કર્યું હતું. તળાવના પાણીમાં કિનારે પડેલા ગરબા તસવીરમાં નજરે પડે છે. શહેરમાં એવી કેટલીક સંસ્થાઓ કાર્યરત છે કે જે નવરાત્રી બાદ ગરબાને વિસર્જિત કરવાને બદલે પક્ષીના માળા બનાવવાના હેતુથી તેમણે આપવા આહ્વાન કરે છે. લોકોએ સમજદારી દાખવીને જળમાં ગરબા વિસર્જિત કરવાને બદલે આવા શુભ કાર્યમાં સહભાગી બનવું જોઈએ.(૧૨.૩૦)

(તસવીરઃ પંકજ ડાભી)

જે.જે. કુંડલીયા કોલેજમાં નિયમ વિરુદ્ધ ઈન્ટરનલ પરીક્ષા રદ કરાવતું NSUI

સૌ. યુનીવર્સીટીના નિયમોને ઘોળીને પી ગઈ કુંડલીયા કોલેજ!

નિયમોની એસી કી તેસી કરીને ઉલાળિયો, પ્રિન્સિપાલે પરીક્ષાના ફોર્મ ભરવા માટે બોલાવ્યાનો લૂલો બચાવ કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

શાળા-કોલેજો ક્યારેક ફી મુદ્દે તો ક્યારેક શિક્ષકોના પગાર મુદ્દે છાશવારે ચર્ચામાં રહે છે ત્યારે જે.જે. કુંડલીયા કોલેજમાં નિયમ વિરુદ્ધ ઈન્ટરનલ પરીક્ષા યોજાવાની ઘટના પ્રકાશમાં આવી છે. કોરાનાની મહામારી વચ્ચે સરકાર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્પષ્ટપણે ગાઈડલાઈનમાં વિદ્યાર્થીઓને ઈન્ટરનલ પરીક્ષાઓ વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવીને પરીક્ષા નહી લેવાનુ જણાવેલ હોવા છતા આજે શહેરની શાસ્ત્રીમેદાન નજીક આવેલી જે.જે. કુંડલીયા કોલેજમાં નિયમોની એસી કી તેસી કરીને ઉલાળિયો કરીને વિદ્યાર્થીઓની ઈન્ટરનલ પરીક્ષા રાખવામાં આવી હતી. આમ તો સરકાર દ્વારા સ્પષ્ટપણે સુચના અપાઈ છે કે જ્યાં સુધી ગાઈડલાઈન બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓને શાળાએ બોલાવી શકશે નહી. તેમ છતાં નિયમ વિરુદ્ધ જઈને ઈન્ટરનલ પરીક્ષા યોજવાનું કારસ્તાન શહેરની જે.જે.કુંડલીયા કોલેજે કર્યું છે. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અલગ-અલગ જિલ્લાના ગામડામાંથી આવતા હોય તેમજ ક્યા વિદ્યાર્થીઓને કોરાનાના લક્ષણ છે કે સંક્રમિત છે તેના ભયથી વિદ્યાર્થીઓમાં અને કોલેજના સ્ટાફમાં ચિંતા અને ગૂંચવણ ઉભી થઈ હતી. જોકે વિદ્યાર્થીઓએ એનએસયુઆઈ આગેવાનોને ફરિયાદ કરતા આજે સવારે પરીક્ષા સમયે જ એનએસયુઆઈની ટીમ કોલેજે પહોંચીને પ્રિન્સિપાલને નિયમ વિરુદ્ધ પરીક્ષા રદ કરી અન્ય પદ્ધતિથી પરીક્ષા લેવા રજૂઆત કરી હતી. જો કે પ્રિન્સિપાલે જણાવ્યું હતંવ કે કોલેજમાં કોઈ પરીક્ષા યોજી નથી.

તેમજ પરીક્ષાના ફોર્મ ભરવા માટે બોલાવ્યાનો લૂલો બચાવ કર્યો હતો.જો કે ક્લાસરૂમમાં વિદ્યાર્થી નેતાઓએ તપાસ કરતાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે જ બોલાવ્યાનુ ખુદ વિદ્યાર્થીઓએ સ્વીકારતા પ્રિન્સિપાલે હાંફળાફાંફળા થઈ પરીક્ષા તુરંત જ રદ કરી હતી. સરકાર અને યુનિવર્સિટીઓ કોલેજો અને શાળાઓ શરૂ કરવાનુ હજુ વિચારણા કરી રહી છે ત્યારે આવી રીતે જો પરીક્ષાઓ વિદ્યાર્થીઓને કોલેજે બોલાવીને લેશે તો તેના કારણે અન્ય શાળા-કોલેજો પણ આવી રીતે કરવા માંડશે. જેના લીધે કોરોના માંડ તાબે આવવાના એંધાણ પર પાણી ફરી વળશે. એનએસયુઆઇના પ્રમુખ રોહિતસિંહ રાજપુતની યાદીમાં જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય હિત ધ્યાનમાં રાખી આ પરીક્ષા રદ કરાવવામાં આવી છે અને તમામ શાળા-કોલેજ સંચાલકો સરકારની ગાઇડલાઇને અનુસરીને હાલ આ બાબતોમા સંયમ રાખશે તો જ કોરાનાની સંપુર્ણ નાબુદીમા દેશને અને સરકારને સહયોગ મળશે. આ કાર્યક્રમમાં એનએસ યુઆઇના જિલ્લા પ્રમુખ રોહિતસિંહ રાજપુત,અભી તલાટીયા, મોહીલ ડવ, મીત પટેલ, હર્ષ આશર, પાર્થ બગડા, માનવ સોલંકી, મોહમદ, હુસેન હીરાણી સહિતના કાર્યકરો જોડાયા હતા.(૧૨.૨૯)

ટેકાના ભાવથી મગફળીની ખરીદી શરૂ

ટેકાના ભાવ કરતા બજાર ભાવ વધુ!

સરકાર ૧૦૫૫ના ભાવે ખરીદી કરે છે : ખુલ્લી બજારમાં ૧૨૦૦થી વધુના ભાવ, ખૂલ્લા બજારમાં વેચવા ખેડૂતોની લાઈન

ખરીદીની પ્રક્રિયા ૯૦ દિવસ સુધી ચાલશે

રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે આજથી મગફળીની પ્રતિ મણ રૂ.૧૦૫૫ના ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા હાથ ધરી છે. આ ખરીદીની પ્રક્રિયા ૯૦ દિવસ સુધી ચાલશે. દરેક ખેડૂત પાસેથી ૨૫૦૦ કિલો મગફળી ખરીદ કરી શકાશે. મહત્વનું છે કે આ વર્ષે રાજકોટ જિલ્લામાં ગત વર્ષ કરતા ૧૫થી વધુ ખેડૂતોએ મગફળીનું રજિસ્ટ્રેશન થયું છે.

પુરવઠા વિભાગ દ્વારા સતત મોનિટરીંગ

એક ખરીદી કેન્દ્ર પર ૭ કર્મચારી મૂકવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લામાં ૯૭ હજાર ખેડૂતે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. પ્રથમ તબક્કે ૨૦-૨૦ ખેડૂતને બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. સરળતા રહે એ માટે દરેક ખેડૂતને SMSથી જાણ કરવામાં આવશે.પુરવઠા વિભાગ દ્વારા CCTV દ્વારા મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા. ૨૬ :

આજથી રાજકોટ શહેર-જીલ્લા સહિત રાજ્યભરમાં મગફળી ખરીદીનો પ્રારંભ થયો છે. અધિક કલેકટર પરિમલ પંડયાએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં આવતીકાલથી ૫૦ ખેડૂતોને બોલાવાશે. રાજકોટના જુના માર્કેટ યાર્ડ સહિત જીલ્લામાં ૨૨ કેન્દ્રો ઉપર ૯૦ દિવસની મર્યાદામાં ૯૩ હજાર જેટલા ખેડૂતો પાસેથી ક્રમાનુસાર ૧૦૫૫ના ક્વીન્ટલના ભાવે મગફળીની ખરીદી થશે. આ માટે સરકારે સુચના આપતા કલેક્ટર-પુરવઠા તંત્ર દ્વારા દરેક કેન્દ્રો ઉપર સીસીટીવી કેમેરા, વિડીયોગ્રાફી, જડબેસલાક પોલીસ બંદોબસ્ત, બારદાન, મજૂરો, મગફળીનો ભેજ માપવા-માટી વિગેરે જોવા ગ્રેડરોની ટીમ, પ્રાંત મામલતદારોનું મોનીટરીંગ અને દરેક કેન્દ્રો ઉપર ૭ના સ્ટાફની વ્યવસ્થા કરી છે. મગફળી વેચવા ખેડૂતો અધીરા બન્યા છે અને તેના પરિણામે દરેક કેન્દ્રો ઉપર ખેડૂતોના ટોળા એકઠા થયા છે. પહેલા દિવસે જ સર્વર ઠપ્પ થઈ જતા દેકારો મચી ગયો હતો. ખેડૂતોના ટોળા તો ગઈકાલથી જુના-નવા માર્કેટ યાર્ડ ખાતે વાહનોની થપ્પા લાગી ગયા છે. પ્રારંભે આજે પુરવઠા તંત્રને માત્ર ૨૦ ખેડૂતોને બોલાવતા, પ્રચંડ રોષ વ્યાપી ઉઠયો છે. સર્વર જામ થતાં સવારે ૧૦ વાગ્યે શરૂ થનાર ખરીદી પણ મોડી થઇ હતી. આવતીકાલથી દરરોજ ૫૦ ખેડૂતોને બોલાવવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં આજથી ૨૨ કેન્દ્ર પર ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે. જો કે પ્રથમ દિવસે જ રાજકોટના જૂના માર્કેટિંગ યાર્ડમાં નબળો પ્રતિસાદ જોવા મળ્યો છે. મહત્વનું છે કે ખેડૂતોને ખુલ્લા બજારમાં ૧૨૦૦થી ૧૩૦૦ રૂપિયા ભાવ મળી રહ્યો છે. જેથી ટેકાના ભાવે મગફળી વેચવાના બદલે ખેડૂતો ખુલ્લા બજારમાં મગફળી વેચી રહ્યાં છે.રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડમાં મગફળીની મબલક આવક થઈ રહી છે. ત્યારે આજે મગફળીની આવક બંધ કરવામાં આવી છે. ૨ લાખ ગુણી આવક થતાં યાર્ડમાં મગફળીની આવક બંધ કરવામાં આવી છે. ૫ દિવસ સુધી આવક બંધ રાખવી પડે તેવી સ્થિતિ છે. એક દિવસમાં યાર્ડમાં ૨૦ હજાર ગુણીની હરાજી થાય છે.

આવતીકાલથી ૫૦ ખેડૂતોને બોલાવાશે

એક કેન્દ્રમાં ૧ અધિકારી સહિત ૭ કર્મચારી ફરજ બજાવશે

રાજકોટમાં એક કેન્દ્રમાં એક અધિકારી સહિત ૭ કર્મચારી ફરજ બજાવશે. કેન્દ્ર પર CCTVથી મોનિટરીંગ કરવામાં આવશે. પુરવઠા વિભાગ દ્વારા ૧૪૦ ગોદામ ભાડે રાખવામાં આવ્યાં છે.

રાકેશ પોપટ, રાજુ ગોસ્વામી સહિત ત્રણ શખ્સો ભાગેડુ જાહેર

પોલીસે ત્રણેય શખ્સોની મિલકત ટોચમાં લેવા અને આશરો આવનાર સામે કડક કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

શહેર ક્રાઈમ બ્રાન્ચ ખાતે ધવલભાઈ ભરતાભાઈ મીરાણી (રહે પેડક રોડ શીવ સૃષ્ટિ પાર્ક)વાળા એ રૂબરૂ આવી પોતાની સાથે ૨૦૧૭થી ભુપત વીરમભાઈ બાબુતર તથા રાકેશ ધીરજલાલ પોપટ દ્વારા બળજબરીથી કુલ સીતેર લાખ કઢાવી લીધેલ હોય જે બાબતે ડી.સી.બી. પો.સ્ટે. ગુન્હો દાખલ થયેલ જે ગુન્હાના કામે તપાસ દરમ્યાન આરોપી ભુપત વિરમભાઈ બાબુતર તથા અન્ય તપાસમાં ખુલેલ આરોપી રાજેશભાઈ ઉર્ફે રાજુ ભુંડીયા ધોધાભાઈ કાનાભાઈ સીંધવ ભરવાડને અટક કરવામાં આવેલ. આરોપી રાકેશ ધીરજલાલ પોપટ, ગેલા નાથાભાઈ હાંસલા તથા મુકેશ કાનજીભાઈ વીરડીયા પટેલ તથા તપાસમા ખુલે તેઓને પકડવાના બાકી છે. ગુન્હામા નામ ખુલવા પામેલ આરોપીઓની હાલ સુધી તેના રહેણાંક ખાતે તેમજ અન્ય સરનામે કે જ્યાં તેઓ મળી આવવાની શક્તા હોય ત્યાં અવાર નવાર તપાસ કરવા આવેલ પરંતુ આરોપીઓ ધરપકડથી બચવા માટે નાસતા ફરતા રહેલ.

શહેર ડી.સી.બી.પો.સ્ટે. ખાતે રમેશભાઈ મોહનભાઈ અજાણી વાળાની ફરીયાદ આધારે આરોપી પ્રમોદગીરી ઉર્ફે રાજુ પ્રેમગીરી ગૌસ્વામી, હીતેશ ભગવાનગીરી ગૌસ્વામી, મુકેશ બટુકભાઈ ઝાપડા, ભુપત વીરમભાઈ બાબુતર, રાકેશ ધીરજલાલ પોપટ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરાવેલ હોય જે ડી.સી.બી.પો.સ્ટે. ખાતે ગુન્હો દાખલ થયેલ છે. આરોપીઓ ભુપત વીરમભાઈ બાબુતર, મુકેશ બટુકભાઈ સીંધવ (ઝાપડા) નાઓને અટક કરવામાં આવેલ છે. આરોપી પ્રમોદગીરી ઉર્ફે રાજુ પ્રેમગીરી ગૌસ્વામી, હીતેષ ભગવાનગીરી ગૌસ્વામી, રાકેશ ધીરજલાલ પોપટની અટકાયત કરવાના બાકી છે. આરોપીના રહેણાંક મકાન ખાતે તેમજ તેઓ મળી આવે તેવા તમામ સ્થળો ખાતે તપાસ કરવામા આવી હતી. પરંતુ આરોપીઓ ધરપકડથી બચવા માટે નાસતા ફરતા રહ્યા હતા.

ઉપરોક્ત બન્ને ગુન્હાના અટક કરવાના બાકી આરોપીઓને પકડી પાડવા ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓ બાબતે તપાસ ચાલુ તેમ છતાં આરોપીઓએ પાતાની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા હોય જેથી આરોપીઓ વિરૂધ્ધ આગળની કાર્યવાહી કરવા રાકેશ ધીરજલાલ પોપટ, પ્રમોદગીરી ઉર્ફે રાજુ પ્રેમગીરી ગોસ્વામી, હિતેષ ભગવાનગીરી ગૌસ્વામી નાઓના નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.કલમ ૭૦ મુજબના વોરંટ મેળવવાની કાર્યવાહી છે. ત્યારબાદ આરોપીઓ નહીં મળી આવતા તેઓ વિરૂધ્ધ નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી.કલકમ-૮૨ મુજબનુ ફરારીનુ જાહેરનામુ મેળવી ભાગેડુ જાહેર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ સી.આર.પી.સી.કલમ-૮૩ મુજબ આરોપીઓની જે જે મીલ્કતો આવેલ છે. તે મીલ્કતો ટાંચમાં લેવાની પણ કાર્યવાહી કરવામાં આવશે. તેમજ પકડાવાના બાકી આરોપીઓને કોઈ પણ વ્યક્તિ આશરો આપશે તો આશરો આપનાર વ્યક્તિ વિરૂધ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે.

સોનલ કેટરર્સ

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.
૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ
સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮
લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.
સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

રાજકોટમાં વધુ ૨૨ પોઝિટિવ કેસ

આજ સુધીમાં કોરોનાના કુલ ૮૨૮૩ કેસ નોંધાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૨૦

રાજકોટમાં કોરોનાનું સંક્રમણ ધીમે-ધીમે ઓછુ થતું જાય છે. હવે મૃત્યુઆંકની સાથોસાથ પોઝિટીવ કેસની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે જે શહેરીજનો માટે રાહતના સંચાર છે. ત્યારે ગઈકાલે કોરોનાના ૩૩૫૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા જેમાંથી ૬૫ કેસ પોઝિટિવ નોંધાયા હતા જ્યારે આજે બપોરે ૧૨ સુધીમાં વધુ ૨૨ કેસ પોઝિટિવ નોંધાયા છે. આજ સુધીમાં કોરોનાના કુલ ૮૨૮૩ કેસ નોંધાઈ ચુક્યા છે. તેમજ ૭૫૦૬ને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રીકવરી રેઈટ ૯૦.૮૬% રહ્યો છે જ્યારે પોઝિટીવિટી રેઈટ ૨.૫૨% રહ્યો હતો.(૧૨.૩૨)

કાલાવડ રોડ પર સ્પાની આડમાં દેહવ્યાપારઃ સંચાલકની અટક

પાંચ બંગાળી લલનાઓ શોષણમુક્તઃહ્યુમન ટ્રાફીકીંગ યુનીટ કરી કામગીરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

શહેરમાં મસાજ માર્બરની આડમાં કેટલીક જગ્યાએ દેહ વ્યપારના અડાઓ ચાલતા હોવાનું શહેર પોલીસને જાણ આવ્યું હતું જે અનુસંધાને શહેર પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનીટ ટીમે રેઈડ કરીને સંચાલકને મુદ્દામાલ સાથે અટક કરી છે.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ રાજકોટના કાલાવડ રોડ પર, મનામોજી ગોલાવારી શેરી,સુર્યા કોમ્પ્લેક્ષની બાજુમાં આવેલા કોમ્પ્લેક્ષ, પટેલ વિહાર રેસ્ટોરન્ટની ઉપર બીજા માળે અરીવા વેલનેશ એન્ડ હેલ્થકેર નામના સ્પા સેન્ટરમાં મસાજના ઓઠા હેઠળ દેહવ્યાપાર ચાલતો હોવાની માહિતી એન્ટી હ્યુમન ટ્રાફીક યુનીટ મળતા ટીમ અહી ત્રાટકી હતી.

સદરહુ જગ્યા પર રેઈડ કરતાં સ્પાનો સંચાલક આરોપી રવીન અશોકકુમાર ચલ્લા તથા ભોગબનનાર પશ્ચિમ બંગાળ તથા દિલ્હીની કુલ પાંચ મહિલાઓ મળી આવી હતી.જગ્યામાંથી કોન્ટમ, રોકડરૂ.૧૩,૫૦૦/- મોબાઈલ જે કુલ મળી રૂ.૩૧,૫૦૦/-નો મુદ્દામાલ મળી આવેલ હતો. આરોપી રવિન એક ગ્રાહક દીઠ રૂપિયા ૩૩૦૦/-લઈ સંકળાયેલી મહિલાને રૂ.૧૫૦૦/-આપી મસાજની આડમાં શરીર સંબંધ બંધાવતો હોય આરોપી સામે ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એક્ટ ૧૯૫૬ની કલમ ૩,૪,૫ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીમાં રાજકોટ શહેર એન્ટ્રી હ્યુમન ટ્રાફીકીંગ યુનીટના પીએસઆઈ એમ.એસ. અન્સારી, એ.એસ.આઈ રાજેશ ભટ, એ.એસ.આઈ બાદલ દવે, હેડ કોન્સ્ટેબલ બકુલભાઈ, પો.કો.મહમદ અઝઝીનભાઈ, તેમજ મહિલા પો.કો. સોનલબેન મુળીયા, પો.કો.ભુમિકાબેન ઠાકર સહિતનાઓ ભાગ લીધો હતો.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, ATIKA SOUTH ARATI SOC. DHEBAR ROAD RAJKOT-360002 GUJARAT.